**સુવિચાર**

આદર્શ નાગરિક બનવા માટે પરિશ્રમ કરીશ અને મારા પરિવારને સદાચારી બનાવીશ. ધર્મ, જાતિવાદ કે ભાષાના કયારેય ભેદભાવ નહી કરૂં.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૧૧/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૭૫



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

SONY
Experience brilliance, this festive season
BRAVIA XR
Google TV | BRAVIA CORE | Dolby VISION·ATMOS | Perfect for PlayStation 5
Special Festive OFFERS*
3 YEARS WARRANTY
INSTANT CASHBACK upto Rs.25,000/-
UP TO 30% OFF
1 EMI FREE
SOUNDBAR COMBO OFFER
Bring home the ultimate cinematic experience
PRICE START Rs. 15,990 /-*
On purchase of Sony BRAVIA with A Series Soundbar
BRAVIA
Sony Store | ઓડિયો હાઉસ (હિંગુ બ્રધર્સ)
ડો. જીવરાજ મહેતા ચોક, ઠાકરથાળ પાસે, અમરેલી. (મો.) ૯૦૩૩૩ ૦૫૨૬૩ – ૯૫૩૭૯ ૭૯૧૦૧


## નાયબ દંડક કૌશિક વેકરિયાની વિકાસકાર્યો માટે સટાસટીભરી બેટિંગ

# ભૈ વાહ : અમરેલી એરપોર્ટનો રનવે ૧૨૦૦ મીટરથી વધી ૨૫૦૦ મીટર થશે

**ટૂંક સમયમાં જ માપણી અને જરૂરી જમીનનું સંપાદન કાર્ય પૂર્ણ કરી દેવાશે**

**એરપોર્ટનાં રનવેની લંબાઈ વધવાથી મોટા વિમાનોનું પણ આવાગમન થશે**

**જિલ્લાની જનતાની વર્ષો જુની માંગને લઈને નાયબ દંડકે યોગ્ય સ્તરે રજૂઆત કરતાં સફળતા મળી**

**નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંતસિંહ રાજપુત અને જગદીશ પંચાલનો નાયબ દંડકે આભાર માન્યો**






પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૮
ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિધાનસભાના યુવા ધારાસભ્ય એવા કૌશિક વેકરિયા પર અમરેલી વિસ્તારની જનતાએ મૂકેલો વિશ્વાસ ચરિતાર્થ થઈ રહ્યો હોય એમ અમરેલી વિસ્તારને એક પછી એક વિકાસ કામોની ભેટ ધારાસભ્યના પ્રયત્નોથી સતત મળી રહી છે.

અમરેલી એરપોર્ટના રનવેની લંબાઈ વધારવા ધારાસભ્ય કૌશિક વેકરિયાએ નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંતસિંહ રાજપૂત અને રાજયકક્ષાના ઉડ્ડયન મંત્રી જગદીશ પંચાલને ધારદાર રજૂઆત કરી જણાવેલ કે અમરેલી એરપોર્ટનો રનવે


**અનુસંધાન પાના ૬ ઉપર**


### વડિયા નજીક આવેલ

## તાલાળી ગામની સીમમાં પત્નિ ઉપર જીવલેણ હુમલો કરી પતિએ ગળાફાંસો ખાઈ કર્યો આપઘાત

**પતિ-પત્નિ વચ્ચે સામાન્ય ઝગડામાં બન્યો હતો બનાવ**

અમરેલી, તા. ૮
મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ તાલાળી ગામે રહેતા શંકરભાઈ મદેસીંગ બઘેલ નામનાં ૩૭ વર્ષિય યુવક તથા તેમના પત્નિ રાધાબેન


**અનુસંધાન પાના ૬ ઉપર**


### નેશનલ હાઈવે વિભાગે પુલની મરામત કરવી જરૂરી

## અમરેલીની ભાગોળે આવેલ માચીયાળા અને સાવરકુંડલા ચોકડીનો પુલ ભયજનક સ્થિતિમાં

**કોઈ અકસ્માત થશે તો જવાબદારી હાઈવે વિભાગની રહેશે**

અમરેલી, તા. ૮
અમરેલી શહેરની ભાગોળે આવેલ સાવરકુંડલા ચોકડી નજીક તેમજ નાના માચીયાળા ગામ નજીક આવેલ પુલ અતી બિસ્માર હાલતમાં


**અનુસંધાન પાના ૬ ઉપર**


### સજા થયા બાદ કોર્ટમાં રજૂ થતો ન હતો

## ઉનાનાં દેલવાડા નજીકથી ક્રાઈમ બ્રાન્ચે ૭ માસથી ફરાર આરોપીની અટકાયત કરી

**આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો**


ઉના, તા. ૮
ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાએ નાસતા ફરતા, પેરોલ, ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર કેદીઓને પકડી પાડવા સુચના કરેલ હોય. જે અનુસંધાને એલ.સી.બી.ના પો.ઈન્સ. એસ.એમ. ઈસરાણીના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. વી.કે. ઝાલા તથા ટીમના માણસો ઉના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન પો.હેડ કોન્સ. પ્રવિણ મોરી, પ્રફુલ વાઢેર, રાજુ ગઢીયા તથા પેરોલ ફર્લોના પો.હેડ કોન્સ. જયરાજસિંહ ગોહિલ, પો.કોન્સ. સંદિપસિંહ ઝણકાટનાઓને મળેલ સંયુકત બાતમી આધારે ઉના સ્પેશીયલ પોકસો કોર્ટના પોકસો કેસ નં.૧૨/૨૦૧૭ ના



આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ પોકસો એકટ કલમ ૩ (એ), ૪, ૫(૧), ૬ મુજબનો આરોપી વિજય નાનુભાઈ સોલંકી (ઉ.વ. ૩૨) ધંધો કન્સ્ટ્રકશનનો રહે. દેલવાડા, તા. ઉનાવાળાને ઉના એડીશનલ સેસન્સ


**અનુસંધાન પાના ૬ ઉપર**


## હેતની હવેલી : જાણે સોનાનો શણગાર



લાઠી તાલુકાના દુધાળા નજીક હેતની હવેલી ખાતે રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ ૧૫ મી નવેમ્બર થી ૨૫મી નવેમ્બર ૨૦૨૩ સુધી રાજય કક્ષાના જળઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે .આ તકે હેતની હવેલી આસપાસના વિસ્તારને રોશનીથી શણગારી દેવાયો છે જેને નિહાળવા હજારો લોકો આવી રહ્યા છે.


નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ જોડકાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
જીતવાની મજા ત્યારે જ આવે છે જયારે દરેક તમારા હારવાની રાહ જોઇ રહ્યા હોય....
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

WE ARE OPEN
દિવાળી પર્વ નિમિતે...
અમારા નિષ્ણાંત ડોકટરોની ટીમ કાર્યરત રહેશે
*ફકત ઈમરજન્સી સેવાઓ માટે કાર્યરત રહેશે
24/7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
વધુ માહિતી માટે સંપર્ક કરો
99789 66629

### આઉટસોર્સ કંપની કર્મચારીઓનું વેતન દેવામાં ઠાગાઠૈયા કરતી હોવાની ચર્ચા

# ધારી : નાયબ વન સંરક્ષક કચેરીનાં આઉટસોર્સ કંપનીનાં કોન્ટ્રાકટમાં ગોલમાલ ?

**લાખો રૂપિયાનો વાર્ષિક કોન્ટ્રાકટ બારોબાર પધરાવી દેવાયાની પણ આશંકા ઉભી થઈ રહી છે**

**એક જાગૃત્ત નાગરિકે આરટીઆઈ અંતર્ગત તમામ હકીકતો માંગતા નવા–જુનીનાં એંધાણ**

**સમગ્ર બનાવને લઈને સળવળાટ શરૂ થતાં એજન્સીની રકમ છુટી કરવામાં પણ વિલંબ**

**રાજયનાં વનમંત્રી ધારી પંથકમાં ચર્ચાતી વિગતો અંગે ઉચ્ચકક્ષાએથી તટસ્થ તપાસ કરાવે તો સાચી હકીકત બહાર આવે**

અમરેલી, તા. તા. ૮

અમરેલી જિલ્લાની જુદી–જુદી સરકાર કચેરીમાં થતાં કથિત ભ્રષ્ટાચાર અંગે અવારનવાર વિગતો પ્રકાશમાં આવે અમુક કિસ્સામાં તપાસ થાય તો અમુક કિસ્સામાં તપાસ અભેરાઈએ ચડાવી દેવામાં આવે અને અમુક કિસ્સામાં કિન્નાખોરીથી આક્ષેપ થયો હોવાનું પણ બહાર આવી રહ્યું છે.

દરમિયાન ધારી ખાતે ગીર (પૂર્વ) નાયબ વન સંરક્ષકની કચેરી કે જેના પર એશિયાટીક ગૌરવસમા સિંહોની જાળવણી, પ્રવાસીઓને ઉત્તમ સુવિધા અને જંગલને સુરક્ષિત કરવાની વિશેષ જવાબદારી છે. તે કચેરી ધ્વારા જુદા–જુદા કામો માટે જરૂરિયાત મુજબનાં કર્મચારીઓની જગ્યા ભરવા માટે પ્રાઈવેટ કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવે છે. જેની રકમ વાર્ષિક લાખો રૂપિયાની હોય છે અને આ નાણા જનતા જનાર્દનનાં પરસેવાનાં હોય છે. એટલે તેનો પાઈ–પાઈનો ખર્ચ નિયમ મુજબ થાય તે જોવાની જવાબદારી રાજયનાં વનમંત્રી અને સ્થાનિક કક્ષાનાં અધિકારીઓની હોય છે.

દરમિયાનમાં હાલતમાં કાર્યરત એક કંપનીને કોન્ટ્રાકટ આપવામાં નિયમોનો ઉલાળીયો થયો હોવાની ચર્ચા શરૂ થઈ અને એક જાગૃત નાગરિકે આરટીઆઈ એકટ અંતર્ગત સઘળી હકીકતો માંગતા અને એક ટ્રસ્ટે પણ આ બાબતે રજૂઆત કરવાનું નકકી કરતાં સ્થાનિક કચેરીમાં ચકચાર શરૂ થઈ છે અને કોન્ટ્રાકટ કંપનીનું પેમેન્ટ અટકાવાયાનું અને તેના કારણે રોજમદાર કર્મચારીઓનો પગાર અટકી ગયાનું ચર્ચાઈ રહ્યું છે.

હવે આ પ્રકરણે ખાસ્સી એવી ચર્ચા અને શંકા–કુશંકા ઉભી કરી હોય રાજયનાં વન મંત્રીએ આ બાબતે ઉચ્ચકક્ષાએથી એક ટીમની રચના કરીને સમગ્ર પ્રકરણમાં કયાંય નિયમોનો ઉલાળીયો થયો છે કે કેમ અને થયો હોય તો તેના માટે કોણ જવાબદાર છે તે અંગે દૂધનું દૂધ ને પાણીનું પાણી કરવું જરૂરી છે નહી તો આગામી દિવસોમાં જાગૃત નાગરિકો મુખ્યમંત્રીને રજૂઆત કરે તો પણ નવાઈ જેવું નહી રહે.

### ધારી ગીર (પૂર્વ) વન વિભાગ હેઠળની

## તુલસીશ્યામ રેન્જના ટીંબરવા રાઉન્ડનાં ગુન્હાનાં કામે આરોપી જામીન પર મુકત થયા

**એડવાન્સ રીકવરી પેટે રૂપિયા ૨૦ હજાર ભરપાઈ થયા**

ધારી, તા. ૮

ધારી ગીર (પૂર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જમાં ગત તા. ૧/૧૧/૨૦૨૩ના સાંજના ૧૮:૧૫ કલાકે સોશ્યલ મીડીયા (વોટસએપ) ના માધ્યમથી આર.ડી.પાઠક રે.ફો.ઓ. તુલસીશ્યામ રેન્જ, ખાંભા ને ટીંબરવા રાઉન્ડના અભ્યારણ્ય વિસ્તારમાં અજગરનો મૃતદેહ હોવાથી સોશ્યલ મીડીયા (વોટસએપ) માધ્યમથી જાણ થતા અજગરનો મૃતદેહ શોધવા માટે લાગુ સ્ટાફ દ્વારા ટીંબરવા રાઉન્ડના છાપરા–૨ બીટના ધંટલા અભ્યારણ્ય વિસ્તારમાં (તા.ગીર ગઢડા,જી. ગીર સોમનાથ) ગયેલ ત્યાં બે ઈસમો ત્યાં પ્રતિબંધિત વિસ્તારમાં ચકકર લગાવતા હોય, જેમનો પીછો કરી અટકાવી પુછપરછ કરતા તેમનું નામ ૧. ભીમાભાઈ કાળુભાઈ ગરેણીયા રહે. રેબડીનેશ તા. ખાંભા તથા મુનાભાઈ હકાભાઈ ભંમર રે. બોરાળા, તા.ખાંભા વાળા હોય તેવી ઓળખ આપેલ તેમજ અજગરના મૃતદેહ બાબતે પુછતા તેવો કશું જાણતા નથી. તેવું જણાવેલ,પરંતુ શંકાના આધારે તેઓના મોબાઈલ ફોન ચેક કરવા માંગતા તેઓ દ્વારા મોબાઈલ આપવાનો ઈન્કાર કરેલ અને સ્ટાફને '' કપડા કાઠી માર મારીશું તેવી ધમકી આપી તેઓના મોબાઈલમાં વિડિયો શુટીંગ કરવા લાગેલ. તેમજ સ્ટાફ દ્વારા રોકવાનો પ્રયાસ કરતા તેઓ બન્ને સ્થળ પરથી નાશી ગયેલ. બાદ રેબડી નેશ વિસ્તારમાં રે.ફો.ઓ. તુલસીશ્યામ, રા.ફો. ટીંબરવા તથા ફો.ગાર્ડ–ભાણીયા–૩ બીટ, ફો.ગાર્ડ ધાવડીયા, કો.ગાર્ડ–ટીંબરવા અને કો.ગાર્ડ–છાપરા–૨ બીટ સાથે રેબડી નેશ ગયેલ જયાં ભીમાભાઈ કાળુભાઈ ગરેણીયા મળી આવતા તેઓની પુછપરછ કરતા તેમજ તેમનો મોબાઈલ ચેક કરતા મૃત અજગરનો વિડિયો રી–સાઈકલ બીન ફોલ્ડરમાં મળી આવતા તેઓની મોબાઈલ ફોન વધુ તપાસ અર્થે જપ્ત કરી તેઓની વધુ પુછપરછ કરતા તેઓ તેની તબિયત ખરાબ છે.અને પોતાને છાતીમાં દુખાવો છે.તેવુ જણાવી તેઓની પત્ની સાથે જીરા ડો. વેકરીયાને ત્યાં તબિબી તપાસ અર્થે જવાનું છે તેવું ખોટુ બહાનુ જણાવી ફરાર થયેલ છે. જે અંગે ટીંબરવા રાઉન્ડ ગુના ન. ૧/૨૦૨૩–૨૪ તા. ૧/૧૧/૨૦૨૩ થી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ.બાદમાં આરોપી ખોટી રીતે ખાંભા સરકારી હોસ્પીટલ ખાતે દાખલ થયેલ અને વન વિભાગના સ્ટાફ દ્વારા માર માર્યાનો ખોટા આક્ષેપ કરેલ હોય.જે અંગેનો વિડીયો બનાવી પ્રેસ મીડીયાને આપેલ. ઉપરોકત ગુના કામના ભાગતા–ફરતા ફરતા આરોપી તા.૬–૧૧–૨૦૨૩ના મે. નાયબ વન સંરક્ષણ, ધારી સમક્ષ હાજર થઈ આ ગુનાને માંડવાળ કરવા અરજ કરેલ બાદ તા.૬–૧૧–૨૦૨૩ ના ખાભા રેન્જ કચેરીએ આરોપી હાજર થઈ.સ.કો. ટીંબરવા રૂબરૂ પોતાનું નિવેદન લખાવેલ જેમાં પોલીસ સ્ટેશન ગીરગઢડા ખાતે આરોપી દ્વારા કરેલ અરજી બાબતે સમાધાન થયેલ છે.તથા તેઓએ અભ્યારણ્યમાં અપ્રવેશ કરવાનો ગુનો કરેલ છે. તથા તેમા મદદગારી કરેલ છે. જે બાબતનો ગુનો કબુલ કરી માંડવાળ કરવા અરજ કરતા એડવાન્સ રીકવરી પેટે રૂા. ૨૦૦૦૦/– ભરપાઈ કરતા જામીન મુકત કરેલ છે.

## સાવરકુંડલામાં દિવાળી દેખાવાની શરૂઆત થઈ



સાવરકુંડલા. તા. ૮

સાવરકુંડલા શહેરમાં હવે દિવાળી દેખાઈ. આમ તો આજના ઝડપથી બદલતાં સમયના વહેણમાં ટેકનોલોજી દિનપ્રતિદિન અપગ્રેડ થતી હોય ઘરવખરીની ઘણી ચીજો લોકો બદલતાં હોય છે. વેપારીઓ પણ એકસચેન્જ જૂનું આપી જાવ અને નવું લઈ જાવના સૂત્ર સાથે દિવાળીના દિવસો દરમિયાન પોતાની અનેક આઈટમ વેચવા માટે સ્પર્ધા કરી રહ્યા હોય છે.એટલે આમ ગણીએ તો દિવાળીના દિવસો ભારતીય અર્થતંત્રને પણ એક અનોખો બુસ્ટર ડોઝ આપતો હોય છે. હાલ સોના ચાંદીના વેપારી, કટલેરી, ગારમેન્ટસ તેમજ દિવાળી સમય દરમિયાન અવનવી સ્કીમો દ્વારા વેચાણ કરતાં વેપારીઓ પણ જોવા મળે છે.આમ હવે દિવાળી ખૂબ ઢ કડી આવતાં વેપારી વર્ગ પણ છેલ્લા પાંચ છ દિવસ વેપાર જામશે એવી આશા સેવી રહ્યો છે. દરેક દુકાન કે મોલ કે શો રૂમમાં અવનવી વેરાઈટીઓનો ખડકલો થતો જોવા મળેલ છે. દિવાળી અનુસંધાને વિશેષ સેલ પણ ભરાતા જોવા મળે છે. ફટાકડા, કટલેરી, ગારમેન્ટસ,અવનવા ફરસાણ બનાવવાની ખાદ્ય ચીજવસ્તુઓ દુકાનોમાં જોવા મળે છે તો ખરીદી કરનાર વર્ગની ખરીદી પણ ધીમે ધીમે વધતી જાય છે એમાં પણ દિવાળીના દિવસો હોય એટલે ઓફિસ દુકાન મકાન વગેરે સ્થળ ોએ વિવિધ પ્રકારના સુશોભન થતાં હોય છે. આ સંદર્ભે પણ દુકાનોમાં આવી સુશોભનની વસ્તુઓનુ વેચાણ પણ થતું જોવા મળે છે. જેમાં પણ ખાસ કરીને વિવિધ રંગબેરંગી લાઈટિંગ દર્શાવતી ઈલેકટ્રીક સિરીઝોથી રાત્રે ઘર દુકાનની શોભા વધી જાય છે.

## અમરેલીનાં સાસંદનો આભાર માનતાં સરકારીનાં નવનિયુકત કર્મચારીઓ



અમરેલી, તા.૮


અમરેલી જિલ્લાના વિવિધ ગામોના રહેવાસીઓ અને અમરેલી જિલ્લા પુસ્તકાલયનો સદઉપયોગ કરી સરકારની વિવિધ ભરતીઓમાં ઉતિર્ણ થયેલ યુવાનોએ આજ રોજ અમરેલી સ્થિત કાર્યાલય પર સાસંદ નારણભાઈ કાછડીયા સાથે શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. તેમજ સાંસદ તરફથી યુવાઓને મળી રહેલ સહકાર અને સહયોગ બદલ તેઓએ સાસંદનો આભાર પણ વ્યકત કરેલ હતો.

આ તકે ઉપસ્થિત રહેલ અમરેલી શહેરના રહીશો. પિયુષભાઈ તલસાણીયા, જીતેશભાઈ ધોણે અને અજયભાઈ વસાવડાએ તલાટી કમ મંત્રી તરીકેની નોકરી મેળવેલ છે તેમજ અમરેલીના રહીશ પારસભાઈ મજેઠીયાએ એ.એસ.આઈ., નાના માચીયાળાના રહીશ કલ્પેશભાઈ વાનાણીએ કલાસ ટુ, બાબાપુરના રહીશ અમરૂભાઈ ગમારાએ પી.એસ.આઈ. અમરેલીના રહીશ જતીનભાઈ બગડાએ આઈ.ટી. એન્જીનિયર અને નિકુંજભાઈ દવેએ બિનસચિવાલય કર્લાક તરીકેની નોકરી પ્રાપ્ત કરેલ છે. આ યુવાનોએ અમરેલી જીલ્લા પુસ્તકાલય ખાતે પ્રતિદિન વાંચન તેમજ અભ્યાસ કરી પોતાની કારકિર્દી બનાવેલ છે.જેમાં સાંસદ નો સમયાંતરે સાથ સહકાર અને સહયોગ મળી રહેલ છે જે બદલ વિદ્યાર્થીનેતા જયદીપભાઈ સરેણાએ સાંસદનો આભાર વ્યકત કરેલ છે.અને યુવાઓને લાયબ્રેરીનો મહતમ સદઉપયોગ કરવા અનુરોધ કરેલ છે.

### મૃત અજગરનાં ફોટો પત્રકારને આપતાં

## ગીર ગઢડા : ખાંભાનાં રેબડી જંગલનાં માલધારીને માર મારનાર વનકર્મી વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

**પોલીસે વનકર્મી જયદીપ ખાચર વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૮

ગીર વિસ્તારમાં અવાર નવાર પશુપાલકો અને વન કર્મીઓ વચ્ચે તકરારની ઘટનાઓ સામે આવતી હોય છે ત્યારે ખાંભા રેન્જના રેબડી નેસમાં અજગર નો કોહવાઈ ગયેલ હાલતમાં મૃતદેહ મળી આવવાની ઘટનામાં ખાંભા વન વિભાગની બેદરકારી છતી થતા વન કર્મીએ માલધારીને આડે હાથ લઈ માર મારતા પાંચ દિવસ પૂર્વે માલધારીએ ગીર ગઢડા પોલીસ મથકે રજૂઆત કરતા ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ખાંભા તાલુકાના રેબડી નેસ વિસ્તારમાં રહેતા ભીમભાઈ ગરણીયા તથા તેમના કુટુંબીક ભાઈ મુન્નાભાઈ હકાભાઈ ભમ્મર બંને ભાઈઓ પોતાના માલ ઢોર લઈ ટીંબરવા રાઉન્ડ વિસ્તારના રાજસ્થળી નેસની બાજુના ભાગે આવેલ સાપરા નેસ વિસ્તારમાં આવેલ જંગલમાં માલઢોર ચરાવવા ગયેલ હોય ત્યારે સાપરા નેસમાં એક અજગર મૃત હાલતમાં જોવા મળતા ભીમભાઈ ગરણીયાએ અજગર ના ફોટા પાડી સ્થાનિક પત્રકારને મોકલેલ હોય ત્યારે વન કર્મી જયવીર ખાચરે માલધારીને કહેલ કે તું અમને જંગલ વિસ્તારની માહિતી કેમ આપતો નથી અને અન્ય લોકોને ફોટાઓ પાડી કેમ મોકલે છે તેમ કહી વન કર્મી માલધારીઓને બેફામ પણે બિભત્સ ગાળો બોલવા લાગતા માલધારીએ ગાળો બોલવાની ના પાડતા જયવીર ખાચર એકદમ ઉશ્કેરાઈ જઈ કહેવા લાગેલ કે હવે પછી તું મારા જંગલ વિસ્તારની માહિતી મોકલીશ તો તને હું જીવતો નહીં રહેવા દઈશ તેમ કહી મારી નાખવાની ધમકી આપી ભીમભાઈ કાળુભાઈ ગરણીયાને આડે ધડ ઢીકા પાટુનો માર મારતા ૧૦૮ની મદદથી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાતા ભીમભાઈ ગરણીયાએ પાંચ દિવસ પૂર્વે વન કર્મી જયવીર ખાચર વિરૂદ્ધ પોલીસને રજૂઆત કરતા ગીર ગઢ ડા પોલીસે તટસ્થ તપાસ કરી વન કર્મી વિરૂદ્ધ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.


### રાજયકક્ષાની ઈડરિયો ગઢ આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાશે

## ઈડરિયો ગઢ આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા માટેની તા. ૩૦ નવેમ્બર સુધીમાં અરજીઓ પહોંચાડવા અનુરોધ

અમરેલી, તા. ૮

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા રાજયકક્ષા ઈડરિયો ગઢ આરોહણ અવરોહણ સ્પર્ધા સાબરકાંઠા જિલ્લામાં આગામી ડિસેમ્બર માસના ત્રીજા અઠવાડીયા દરમિયાન યોજાશે. ઈડરિયો ગઢ રાજયકક્ષાની આરોહણ અવરોહણ સ્પર્ધામાં ૧૪ થી ૧૮ વર્ષના વયજૂથના યુવક–યુવતીઓ (જુનિયર) વિભાગમાં ભાગ લઈ શકશે.રાજયકક્ષા ઈડરિયો ગઢ આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા માટેનાં ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, બ્લોક–સી, રૂમ–૧૧૦/૧૧૧, પ્રથમ માળ, અમરેલી ખાતેથી મેળવવા અથવા તો કચેરીના બ્લોગ પોસ્ટ dydoamreli.blogspot.com પરથી ઓનલાઈન મેળવી શકાશે. ફોર્મ વિગતવાર ભરીને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ક્રિશ્રા હોસ્પિટલ કમ્પાઉન્ડ, સબ જેલ રોડ, હિંમતનગર જિ.સાબરકાંઠા ખાતે તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીમાં મોકલી આપવાના રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# વડિયામાં સ્મશાન ઘર તેમજ જાહેર રસ્તાની સાફ સફાઈ ઝુંબેશ યોજાઈ









સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના વડિયા ગામે સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. આ કાર્યક્રમ તળે વડિયામાં સ્મશાન ઘર, જાહેર રસ્તાઓની સાફ સફાઈ કરવામાં આવી હતી. મીની ટ્રેકટરની મદદથી કર્મયોગીઓ દ્વારા કચરો હટાવી અને ઘનકચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત તા.૬ નવેમ્બર થી તા.૧૧ નવેમ્બર,૨૦૨૩ સુધી શહેરના તમામ ફલાય ઓવર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડમાં સફાઈ ઝુંબેશ યોજાશે. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ગાંડા બાવળનું પુનીંગ તેમજ ચારકોલ–કોલ બનાવવા માટેની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે. નિર્મળ ગુજરાતના સંકલ્પને જનસમર્થન મળ્યું છે. આવો, આપણે સૌ સ્વચ્છતાનો સંકલ્પ કરીએ, સ્વચ્છતાને જીવનશૈલીનું અભિન્ન અંગ બનાવીએ. જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત તા.૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજયમાં ગામે ગામ સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. આ ઉપરાંત ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં લોકો ઉત્સાહભેર આ અભિયાનમાં જોડાઈને સ્વચ્છતાગ્રહી બની રહ્યા છે.

## છેલ્લા ૬૦ વર્ષથી અવિરત રીતે ઈંગોરીયા યુધ્ધની થાય છે ઉજવણી

# સાવરકુંડલામાં દિવાળીનાં પવિત્ર દિવસે ઈંગોરીયા યુધ્ધ ખેલાશે

**ઈંગોરીયાનાં વૃક્ષનાં ચીકુ જેવડા ફળને ઈંગોરીયુ કહેવામાં આવે**

**દિવાળી પહેલા યુવાનો દ્વારા એક મહિનાથી ઈંગોરીયાની તૈયારી કરવામાં આવી રહી છે**

**ઈંગોરીયા ઉપરથી છાલ કાઢી તેમાં કાણુ પાડી તેની અંદર દારૂ ગંધક વિગેરે ભરવામાં આવે છે**

**ઈંગોરીયા યુધ્ધને નિહાળવા દૂર-દૂરથી જનતા જનાર્દન ઉપસ્થિત રહેશે**



સાવરકુંડલા, તા. ૮

દીપાવલીની રાત્રે સાવરકુંડલા શહેરમાં જામતું ઈંગોરીયા યુધ્ધ છ દાયકા પહેલાથી રમાતી આ લડાઈ આજે પણ એજ જુસ્સાથી રમાય છે. ઈંગોરીયા બાદ સી.ડી. અને આજે કોકડાએ સ્થાન લીધું છે. આ રમતને જોવા હજારો લોકો દૂર દૂરથી જોવા સાવરકુંડલા આવે છે. સાવરકુંડલામાં છેલ્લા છ દાયકા પહેલાંથી ઈંગોરીયા યુધ્ધ ખેલાય છે. ત્યારે ઈંગોરીયા શુ છે એ પહેલાં સમજી લઈએ તો ઈંગોરીયાનું વૃક્ષ આશરે આઠથી દસ ફૂટનું હોય છે તેના ચીકુ જેવા ફળને ઈંગોરીયુ કહેવામાં આવે છે. દિવાળી પહેલા એકાદ માસ પૂર્વે યુવાનો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાંથી ઈંગોરીયા શોધી વૃક્ષ પરથી તોડી તેને સુકવી દે છે ત્યારબાદ ઉપરથી છાલને ચપ્પુ વડે કાઢી તેમાં કાણું પાડી અંદર તેમાં દારૂ-ગંધક-સુરોખાર અને કોલસાની ભૂકી મિશ્રણ કરી ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે. ત્યારબાદ નદીના માટીના પથ્થરના ભુક્કાથી એ કાણું બંધ કરી દેવાય છે અને તેને સૂકવામાં આવે છે અને ત્યારબાદ ઈંગોરીયું તૈયાર થઈ જાય જેને દિવાળીની રાત્રીએ આવા હજારો તૈયાર થયેલા ઈંગોરીયાના થેલા ભરી લડાયકો આગનું યુધ્ધ રમવા તૈયાર થઈ જાય છે. આ ઈંગોરીયાને સળગાવવા માટે કાથીની વાટ કે જામગરી વડે સળગાવાય. સામસામા સળગતા ઈંગોરીયા ફેંકવામાં આવે છે. સાવર અને કુંડલા એમ બે જૂથ વચ્ચે વહેંચાયેલા લડવૈયા એકબીજા સામે સળગતા ઈંગોરીયા નાખીને ટોળી ઓને દૂર દૂર સુધી ખસેડી દે છે. હાલમાં જેમ દાડમના ફુવારા નીકળે છે તેવા આગના ફુવારા સાથે ગોળીની જેમ દૂર સુધી રોકેટની જેમ જાય છે. આ રોમાંચિત લડાઈમાં આનંદ, કીકીયારી, નાસભાગ અને ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાય છે. કયારેક કોઈના કપડાં પણ દાજી જાય છે જોકે મોટું નુકસાન કે માથાકુટ થતી નથી કારણ કે આ નિર્દોષ રમત હોય છે અને રાતના દસ વાગ્યાથી સવાર સુધી આ ઈંગોરીયાની લડાઈ ચાલે છે. સમય ન બદલાતા વહેણ સાથે આ ઈંગોરીયાની લડાઈમાં પણ પરિવર્તન થયું છે. લડાઈનું નામ તો ઈંગોરીયાની લડાઈ જ રહ્યું પરંતુ ઈંગોરીયાના વૃક્ષો ઓછા થતા તેનું સ્થાન સી.ડી. એ લીધું હતું આથી ઈંગોરીયા બહુ ઓછા જોવા મળે છે તેના બદલે કોકડાને દારૂખાનું ભરી તૈયાર કરાઈ છે. માધ્યમો બદલાયા પરંતુ લડાઈ તો આજે પણ ચાલુ જ રહેશે. હાલના સમયમાં મોટી માથાકુટ ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવે છે. આ અનોખી લડાઈને જોવા આજે પણ દૂર દૂરથી લોકો સાવરકુંડલા ખાતે આવે છે. રાતભર આગની લડાઈ બાદ સવારે એકબીજા યુવાનો ગળે ભેટી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી આનંદથી છુટા પડે છે.

### આગામી ૧લી જાન્યુઆરીથી પદયાત્રાનો થશે પ્રારંભ

# મુંબઈમાં સિધ્ધિ વિનાયક મંદિરથી ભુરખીયા મંદિર સુધીની પદયાત્રા યોજાશે

**૨૭ જાન્યુઆરીએ ભુરખિયા ખાતે આગમન થશે**

દામનગર, તા. ૮

મુંબઈમાં આવેલ શ્રી સિદ્ધિ વિનાયક મંદિરેથી તા.૧/૧/૨૪ ને સોમવારે સવારના ૬ વાગ્યે આરતીના દર્શન કરી પદયાત્રાનો આરંભ થશે. ત્યાંથી મનોહર સારોટી, તલાસડી, ભિલાડ, વાપી, વલસાડ, ચીખલી, નવસારી, સુરત, અંકલેશ્વર,ભરૂચ, પાદરા, ધર્મેશ-તારાપુર, વટામણ, પીપળી, ફેદરા, ધંધુકા, બરવાળા, નિંગાળા, ગઢડા ( સ્વા.), ઢસા,



મેમદાથી સ્વયમ પ્રગટ શ્રી ભુરખીયા હનુમાનજી મંદિરે (તાલુકો-લાઠી, દામનગર) તા. ૨૭/૦૧/૨૪ને શનિવારે સવારના ૯ વાગે પહોંચશે. આ ૭૦૦ કી.મી.ની પદયાત્રામાં પદયાત્રીઓનું સ્વાગત - સન્માન થશે. આ પદયાત્રાનો હેતુ અને સંકલ્પ એવો છે કે વિશ્વનું ભલું થાય અને સર્વત્ર જીવ માત્રનું કલ્યાણ થાય, તે ઉદ્દેશ્ય સાથે આ યાત્રામાં જે ભક્તોએ જોડાવું હોય તેઓએ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિરના પુજારી વિપુલબાપુ મો. ૯૭૭૩૦૮૫૭૩૧ અને ઉદયભાઈ ગોરડીયા મો.૮૭૭૯૭૯૬૭૮૨. પર સંપર્ક કરવો. તેમ એક યાદીમાં જણાવાયું છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

▪કાર ▪બાઈક ▪ટ્રેકટર ▪ટ્રક ▪બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
"માઈલેજનો મહારથી" ટુ-વ્હીલર
BAJAJ
CT 110 Platina 100
સર્વશ્રેષ્ઠ માઈલેજ 85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING
fascino 125 Fi (ફ્યુલ ઈન્જેકશન)
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઇક
BS-6 લોન્ચ
ભારતમાં પ્રથમવાર એકજ સ્કૂટરમાં સાત સેન્સર ધરાવતું સ્કૂટર
એડવાન્સ ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડ ક્વોલિટી સાથે
30 POWER 16 MILEAGE
BS-VI COMPLIANT
» બધા જ કલરમાં ઉપલબ્ધ
» ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
પ્લોટ નં. ૧, સફારી પાર્ક, અતુલ મોટર્સ સામે, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

"અમરેલી એક્સપ્રેસ" દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
"અમરેલી એક્સપ્રેસ" દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

Hero
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ :મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

### ISISના નાપાક ઈરાદાઓને તોડી પાડવામાં સફળતા

# કેમિકલ અટેકના ષડયંત્રનો પર્દાફાશ, UP ATS એ ISISના આતંકીઓને પકડ્યા

## દિલ્હી પોલીસ ISISના પેન ઈન્ડિયા મોડ્યુલનો ખુલાસો કરતી વખતે ટીમ દ્વારા અલીગઢથી ધરપકડ કરાયેલા બે શંકાસ્પદ આતંકીની પૂછપરછ કરશે

નવી દિલ્હી, તા.૮

ફરી એકવાર સુરક્ષા એજન્સીઓને હાથ લાગ્યા છે આતંકીઓ. આતંકીઓને બદઈરાદાઓને નાકામ કર્યા છે યુપી એટીએસ એટલેકે, એન્ટી ટેરેરિસ્ટ સ્કોડની ટીમે. UP ATSએ અલીગઢમાંથી ISISના બે આતંકીઓની ધરપકડ કરી છે. હવે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલની ટીમ પણ બંનેની પૂછપરછ કરશે. ઉલ્લેખનીય છેકે, ધરપકડ કરાયેલા બંને આરોપીઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (SAMU) સંગઠનના વિદ્યાર્થી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે તાજેતરમાં જામિયા મિલિયા ઈસ્લામિયાના પીએચડી વિદ્યાર્થી અરશદ વારસી અને પૂણે ISIS કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ના વોન્ટેડ આતંકવાદી શાહનવાઝની દિલ્હીથી ધરપકડ કરી હતી.

કહેવામાં આવી રહ્યું છે કે NIA અને દિલ્હી સ્પેશિયલ સેલ દ્વારા ધરપકડ કરાયેલા બે આતંકીઓ પાસેથી અલીગઢના રહેવાસી અબ્દુલ્લા અર્સલાન અને માઝ બિન તારિક વિશે માહિતી મળી હતી. જે બાદ યુપી એટીએસે અલીગઢમાં દરોડા પાડીને બંનેની ધરપકડ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ISISનું એક અખિલ ભારતીય મોડ્યુલ છે જેમાં ઉત્તર પ્રદેશ, ઝારખંડ, પુણેના મોટાભાગે શિક્ષિત વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ ખતરનાક આરોપીઓ શાહનવાઝ અને રિઝવાન સાથે રાસાયણિક હુમલાની યોજના બનાવી રહ્યા હતા, જેમને NIA અને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ધરપકડ કરાયેલ અબ્દુલ્લા અર્સલાને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી પેટ્રોકેમિકલ એન્જિનિયરિંગમાં B.Tech કર્યું છે. ISISના કેટલાક હેન્ડલરોએ પુણે મોડ્યુલ સાથે અબ્દુલ્લા અરસલાન અને માઝ બિન તારિકનો સંપર્ક કર્યો હતો. યુપી એટીએસ ઉપરાંત દિલ્હી પોલીસ, મહારાષ્ટ્ર એટીએસ અને રાજસ્થાન પોલીસ પણ અલીગઢમાંથી પકડાયેલા બે શકમંદો અબ્દુલ અરસલાન અને માઝ બિન તારિકની પૂછપરછ કરશે. UP ATSનું માનવું છે કે તેમની પૂછપરછ દરમિયાન ભારતમાં સક્રિય ISIS સાથે જોડાયેલા અન્ય સભ્યો વિશે પણ માહિતી મળી શકે છે. UP ATS એ ખતરનાક આતંકવાદી સંગઠન ISIS સાથે સંકળાયેલા બે આતંકવાદીઓ અબ્દુલ્લા અરસલાન અને માઝ બિન તારિકની અલીગઢથી ધરપકડ કરી છે.એવું જાણવા મળે છે કે તેઓ યુપીમાં કોઈ મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા. બંને ISISના પુણે મોડ્યુલ સાથે સંકળાયેલા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના અન્ય ઘણા વિદ્યાર્થીઓ પણ યુપી એટીએસના રડાર પર છે જેણે આતંકવાદી સંગઠન આઈએસના બે શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. UP ATSએ પણ તેનું નામ આ કેસમાં લીધું છે. ISનું પુણે મોડ્યુલ યુપીના છ જિલ્લામાં તેના ઊંડા મૂળિયા સ્થાપિત કરી રહ્યું હતું. અલીગઢ ઉપરાંત ISના આ મોડ્યુલના સભ્યો સંભલ, પ્રયાગરાજ, લખનૌ, રામપુર, કૌશામ્બી વગેરે જિલ્લાઓમાં સક્રિય છે.
આ સાથે તેઓ કોઈ મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવા માટે હથિયારો અને દારૂગોળો એકત્રિત કરી રહ્યા છે.

ATS દ્વારા પકડાયેલા અબ્દુલ્લા અર્સલાન અને માઝ બિન તારિકને રાજધાનીમાં સ્થિત NIA/ATS કોર્ટના ન્યાયાધીશ દિનેશ કુમાર મિશ્રાએ છ દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ મંજૂર કર્યા છે. એટીએસ આજે રિમાન્ડ દરમિયાન બંનેની વધુ પૂછપરછ કરશે અને અલીગઢ સહિત અન્ય જિલ્લાઓમાં દરોડા પાડશે.
ISISના આતંકીઓ યુપીમાં આતંક મચાવવા માટે ઘણા સમયથી કામ કરી રહ્યા હતા. યુપીની AMU યુનિવર્સિટીના એક વિદ્યાર્થી પર આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ISIS માટે મોડ્યુલ સેટ કરવાનો આરોપ હતો. ત્યારબાદ NIAએ ISISની ગતિવિધિઓને લઈને ૬ શહેરોમાં ૯ સ્થળો પર દરોડા પાડ્યા હતા. એનઆઈએના દરોડામાં રતલામમાંથી એક શકમંદની ધરપકડ કરવામાં આવી હતી અને યુપીમાંથી બે શકમંદ ઝડપાયા હતા. ત્યારબાદ મહારાજગંજ, જૌનપુર અને આઝમગઢમાં ISIS મોડ્યુલને લઈને દરોડા પાડવામાં આવ્યા હતા. તે જ સમયે, એએમયુના બીએ ઈકોનોમિક્સ (ઓનર્સ) ના વિદ્યાર્થી ફૈઝાન અંસારીનું નામ સમગ્ર દેશમાં ISIS મોડ્યુલ સ્થાપિત કરવાના કાવતરાના આરોપમાં પ્રકાશમાં આવ્યું હતું. એએમયુમાં અભ્યાસ કરતી વખતે ફૈઝ કેટલાક ISIS સમર્થકોના સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ તે ઝારખંડમાં આતંકવાદી મોડ્યુલ તૈયાર કરી રહ્યો હતો. તે જ સમયે, મહારાજગંજના ફરેંડા પોલીસ સ્ટેશન વિસ્તારના આનંદ નગર વિસ્તારના વિકાસ નગર વિસ્તારમાં એક યુનાની ડૉક્ટરના ઘર પર દરોડો પાડવામાં આવ્યો હતો. બિહારના સિવાન જિલ્લાના વતની એવા ડોક્ટરના જમાઈ પણ ફૈઝાનના સંપર્કમાં હતા.

ISIS વિશે વાત કરીએ તો, હાલમાં મહારાષ્ટ્રના યુપી અને પુણેથી કાર્યરત તેના મોડ્યુલની ગતિવિધિઓ દેશમાં સૌથી વધુ તીવ્ર બની છે. પોલીસ અને અન્ય તપાસ એજન્સીઓની તીક્ષ્ણ તકેદારી અને કડક કાર્યવાહીના કારણે આતંકવાદીઓના નાપાક મનસૂબા પૂરા થઈ રહ્યા નથી. ત્રણ દિવસ પહેલા નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ આતંકવાદી હુમલાને અંજામ આપવાના કાવતરામાં સામેલ હોવાના આરોપમાં ISISના ૭ સભ્યો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી.

પુણે સ્થિત ISIS મોડ્યુલ કેસમાં, NIA સ્પેશિયલ કોર્ટ સમક્ષ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, વિસ્ફોટક પદાર્થ અધિનિયમ, આર્મ્સ એક્ટ અને ભારતીય દંડ સંહિતા (IPC) ની વિવિધ કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. NIAએ આ આરોપીઓની ઓળખ મોહમ્મદ ઈમરાન, મોહમ્મદ યાકુબ સાકી, અબ્દુલ કાદીર, નસીરુદ્દીન કાઝી, ઝુલ્ફીકાર અલી, શમીલ સાકિબ નાચન અને અકીફ અતીક નાચન તરીકે કરી છે. તેમની સામે આરોપ છે કે તેઓ આતંકવાદી ગતિવિધિઓને આગળ ધપાવવાના ઈરાદાથી ભંડોળ એકત્ર કરી રહ્યા હતા. તે લોકોની વચ્ચે આવ્યો

### સરકારી પરીક્ષાઓમાં ગેરરીતિ મામલે હાઈકોર્ટ નારાજ

# સરકારી પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની ચૂક ચલાવી લેવાય નહી : હાઈકોર્ટ

## અસામાજીક તત્વોને કારણે હજારો યુવાનોને હેરાનગતિનો સામનો કરવો પડે છે

અમદાવાદ, તા.૮

રાજ્યમાં વિવિધ સરકારી પરીક્ષાઓમાં થતી ગેરરીતિ અને ચુકને લઈ હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. તેમજ ગેરરીતિના આરોપીઓને જામીન આપવા બાબતે અને અન્ય કેટલીક ટકોર પણ કરી છે.

સરકારી પરીક્ષાઓમાં ગેરરીતિ મામલે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, સરકારી પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની ચૂક ચાલાવી લેવાય નહી અને લાખો યુવાનો દિવસ-રાત એક કરીને પરીક્ષાની તૈયારી કરતા હોય છેહાઈકોર્ટે જણાવ્યું કે, કેટલાક અસામાજીક તત્વોને કારણે હજારો યુવાનોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. ૨૦૧૪માં લેવાયેલ ક્લાર્કની પરીક્ષામાં થયેલી ગેરરીતિ મુદ્દે ચાલી રહેલા કેસ મામલે હાઈકોર્ટની આકરી ટકોર સામે આવી છે. કેસમાં સંડોવાયેલા અને ૮ વર્ષથી ફરાર આરોપીના આગોતરા જામીન સમયે કોર્ટે ટકોર કરી છે. અત્રે જણાવીએ કે, સંબધિત કેસમાં કોર્ટે જામીન આપવાથી ઈક્કાર કર્યો છે. અત્રે જણાવીએ કે, જયારે કોઈ વિદ્યાર્થી કે વ્યકિત સ્પર્ધાત્મક પરીક્ષા આપે ત્યારે તે કંઈ કેટલાય સપના જોઈ લેતો હોય છે. સારી સારી સરકારી નોકરીઓની કલ્પના કરી લેતો હોય છે પરંતુ એજ સપના ત્યારે ચકનાચૂર થાય જયારે ષડયંત્રકારોની ચાલાકીના લીધે પેપર ફૂટી જાય અને પરીક્ષા રદ થઈ જાય છે. પછી તો સ્વભાવિક છે કે ફરી પરીક્ષા લેવાય એમા પછી કોઈ કારણોસર ભરતીપ્રક્રિયા અટકે અને એવી અનેક સરકારી વાતોની વચ્ચે કોઈ ઉજજવળ ભવિષ્યનો ઉદય થતા પહેલા જ અસ્ત થઈ જાય છે

### નોટબંધીના ૭ વર્ષ પૂરા થવા પર કોંગ્રેસના નેતાના પ્રહાર

# નોટબંધી એક સમજી વિચારેલું ઘડવામાં આવેલું કાવતરું હતું : રાહુલ ગાંધી

## નોટબંધીને એક હથિયાર ગણાવ્યો હતો જેની મદદથી પરમ મિત્રની ઝોલી ભરી તેમને ૬૦૯મા ક્રમેથી દુનિયાના બીજા ક્રમના ધનિક વ્યક્તિ બનાવી દેવાયાનો દાવો

નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે નોટબંધી એક સમજી વિચારેલું ગઢવામાં આવેલું કાવતરું હતું. તેના માધ્યમથી રોજગારી છીનવી લેવામાં આવી અને અસંગઠિત અર્થતંત્રની કમર ભાંગી નાખી. તેમણે નોટબંધીને એક હથિયાર ગણાવ્યો હતો જેની મદદથી પરમ મિત્રની ઝોલી ભરી તેમને ૬૦૯મા ક્રમેથી દુનિયાના બીજા ક્રમના ધનિક વ્યક્તિ બનાવી દેવાયા.

ઉલ્લેખનીય છે કે નોટબંધીને આજે સાત વર્ષ પૂરાં થઈ ગયા છે. સરકારે ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ નોટબંધીની જાહેરાત કરી હતી. પીએમ મોદીએ ૨૦૧૬માં ૮ નવેમ્બરે આ જાહેરાત કરતાં રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટોને ચલણ બહાર કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ આ નોટધારકોને આ નોટો બેક્રમાં પાછી જમા કરાવીને બદલાવી લેવાની મુદ્દત અપાઈ હતી.

રાહુલે આ મામલે ટ્વિટ કરતાં લખ્યું કે નોટબંધી એક સમજી વિચારેલું ગઢવામાં આવેલું કાવતરું હતું, શ્રમિકોની આવક બંધ કરાઈ, નાના વેપારીઓને ખતમ કરાયા, ખેડૂતોને નુકસાન પહોંચાડવા અને અસંગઠિત અર્થતંત્રને તોડી પડાયું. ૯૯% સામાન્ય ભારતીયો પર હુમલો, ૧% ધનિક મોદી મિત્રોને ફાયદો. આ એક હથિયાર હતું.

તમારા ખિસ્સા કાપવાનું - પરમમિત્રની ઝોલી ભરીને તેને ૬૦૯ નંબરથી દુનિયાના બીજા ક્રમના ધનિક બનાવવાનું કાવતરું હતું.

### કોલસા-ભરતી કૌભાંડમાં ઈડીની કાર્યવાહી

# મમતા બેનર્જીના ભત્રીજાને ઈડીએ પુછપરછ માટે બોલાવ્યો

## કયા કેસમાં સમન્સ પાઠવાયું તેની માહિતી સામે આવી નથી

કોલકાતા, તા.૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મમતા બેનર્જીના ભત્રીજાને સમન્સ પાઠવ્યું છે. ઈડીએ તૃણમુલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીએ પુછપરછ માટે બોલાવ્યા છે. એજન્સીએ તેમને આવતીકાલે ૯ નવેમ્બરે હાજર થવા આદેશ આપ્યો છે. અભિષેકને સવારે ૧૧.૦૦ કલાકે હાજર થવું પડશે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા મુજબ અભષિક બેનર્જી ગુરુવારે ઈડી સમક્ષ હાજર થશે. જોકે તેમને કયા કેસમાં ફરી સમન્સ પાઠવાયું છે, તેની કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. જોકે અગાઉ ઈડીએ અભિષેકને કોલસા કૌભાંડ અને ત્યારબાદ ભરતી ભ્રષ્ટાચાર મામલે સમન્સ મોકલ્યું હતું. ઉલ્લેખનિય છે કે, ઈડીએ અગાઉ ઓક્ટોબરમાં પણ ટીએમસી સાંસદ અભિષેક બેનર્જીને સમન્સ પાઠવ્યું હતું. આ મામલો શિક્ષક ભરતી કૌભાંડ સાથે સંકળાયેલો હતો. જોકે તેઓ દિલ્હીમાં એક વિરોધ-પ્રદર્શનમાં જવાનું હોવાથી તેઓ ઈડી સમક્ષ હાજર થયા ન હતા. ત્યારબાદ કેન્દ્રીય એજન્સીએ તેમને બુધવારે નવું સમન્સ પાઠવ્યું હતું.

### દિલ્હીના મુખ્યમંત્રીના જેલવાસની શક્યતા પર દાવો

# કેજરીવાલ પત્નીને મુખ્યમંત્રી બનાવવા માગે છે : સિરસા

## સિરસાએ એવો પણ દાવો કર્યો છે કે, ધારાસભ્યોનો ઈનકાર છતાં કેજરીવાલ જનમત સંગ્રહ કરવા જઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ લીકર પોલિસી કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ પાઠવ્યા બાદ રાજકારણ ગરમાવ્યું છે. આમ આદમી પાર્ટી પણ તેમની ધરપકડ થવાની આશંકા વ્યક્ત કરી રહી છે. પાર્ટી એ વિચારવામાં વ્યસ્ત થઈ ગઈ છે, જો કેજરીવાલની ધરપકડ થાય તો તેમણે રાજીનામું આપવું જોઈએ કે જેલમાંથી જ સરકાર ચલાવવી જોઈએ? ત્યારે આ તમામ આશંકાઓ વચ્ચે ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતાઓ ચોંકાવનારો દાવો કર્યો છે.

ભાજપના રાષ્ટ્રીય સચિવ મનજિંદર સિંહ સિરસાએ આક્ષેપ કર્યો છે કે, કેજરીવાલ પત્નીને મુખ્યમંત્રી બનાવવા ઈચ્છે છે. લિકર પોલિસી કેસમાં શરૂઆતથી જ ફરિયાદકર્તાઓમાં સામેલ સિરસાએ દાવો કરતાં કહ્યું કે, આમ આદમી પાર્ટીના જ એક નેતાએ તેમને આ માહિતી આપી છે. સિરસાએ એજન્સી સાથેની વાતચીતમાં એવો પણ દાવો કર્યો છે કે, ધારાસભ્યોનો ઈક્કાર છતાં કેજરીવાલ જનમત સંગ્રહ કરવા જઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, જનમત સંગ્રહ બાદ કેજરીવાલ પત્નીને મુખ્યમંત્રી બનાવશે.

સિરસાએ કહ્યું કે, ‘અરવિંદ કેજરીવાલે ગઈકાલે ધારાસભ્યો સાથે બેઠક યોજી અને કહ્યું કે, ધરપકડ થયા બાદ હું તિહાર જેલમાંથી સરકાર ચલાવીશ. કેજરીવાલને અગાઉથી જ જાણ હતી કે, જે પુરાવા આવ્યા છે, તેમાં ૩૫૦ કરોડ રૂપિયાથી વધુનું મની ટ્રેલ છે. સુપ્રીમ કોર્ટે પણ તેનો ઉલ્લેખ કર્યો છે અને સિસોદિયાને પણ જામીન આપ્યા નથી. કેજરીવાલે જે નાણાંની લેવડ-દેવડ કરી છે, ખાસ કરીને તેમણે પોતાનું શીશમહેલ બનાવવાનું કામ કર્યું, તેમણે જાણ છે કે, તેઓ જેલ જશે.’ સિરસાએ વધુમાં કહ્યું કે, ‘મેં અગાઉ કહ્યું હતું કે, કેજરીવાલ ઈડીસમક્ષ હાજર નહીં થાય, કારણ કે તેઓ તેમની ધર્મપત્ની સુનીતા કેજરીવાલને મુખ્યમંત્રી બનાવવા ધારાસભ્યોને મનાવવા માંગે છે. ગઈકાલે કેજરીવાલ દ્વારા યોજાયેલી બેઠકમાં આ સ્પષ્ટ થઈ ગયું છે. આપના એક વરિષ્ઠ નેતાએ મને કહ્યું કે, તમામ ધારાસભ્યોએ ઈક્કાર કરી દીધો છે, તેઓએ કહ્યું કે, જો તમારી પત્નીને બનાવશો, અગાઉથી જ ભ્રષ્ટાચારનો દાગ લાગ્યો છે, ત્યારબાદ તમારા શીખમહેલ, અને હવે પરિવારવાદ બચ્યું છે, આ કરશો તો બરબાદ થઈ જશો. બેઠકમાં એવો નિવેડો લવાયો છે કે, જનમત કરાવીશું. જો લોકો એવું કહેશે કે અમે કેજરીવાલજીને મત આપ્યો છે, તો સુનીતા કેજરીવાલને જ મુખ્યમંત્રી બનાવી દેવાશે.’

### અત્યંત ચેપી JN.1 વેરિઅન્ટ

# કોરોનાના નવા વેરિઅન્ટ સામે રસી પણ છે ફેલ !

## આ અંગે વિજ્ઞાનીઓનું કહેવું છે કે તે માત્ર અત્યંત ચેપી જ નથી પણ શરીરની રોગપ્રતિકારક શક્તિને પણ છીનવી લે છે

વોશિંગ્ટન, તા.૮

વર્ષ ૨૦૨૧માં કોરોનાની મહામારીએ ભારત સહિત દુનિયાભરમાં હાહાકાર મચાવ્યો હતો. ભાગ્યે જ કોઈક એવો પરિવાર હશે કે જેણે કોરોનાના લીધે પોતાના પ્રિયજનો ન ગુમાવ્યા હોય. કોરોનાની મહામારીએ ભૌગોલિક સીમાઓ તોડી નાખ્યા હતાં. તે હજારો કિલો મીટર પાર સરહદોને પાર પણ મોતનો તાંડવ મચાવતી રહી હતી. ચીનના વુહાન શહેરમાં આ વાયરસ પહેલીવાર જોવા મળ્યો હતો. જોકે, સરહદો પાર કરીને આ વાયરસે દુનિયાભરમાં હડકંપ મચાવ્યો. એ અલગ વાત છે કે ચીને જાણીજોઈને કોરોના વાયરસ ફેલાવ્યો કે તે માત્ર એક અકસ્માત હતો? આ સવાલ આજે પણ એક સવાલ જ છે. જેનો સાચો જવાબ મળ્યો નથી. કોરાના વાયરસે અનેકવાર પોતાનો રંગ બદલ્યો છે. દરેકવાર કોરોના એક નવા વેરિઅન્ટ સાથે વધુ અસરકારક અને વધુ ઘાતક બનીને આવે છે. આ વખતે પણ કોરોનાનું વેરિઅન્ટ ચેન્જ થયું છે. જેને કારણે ફરી એકવાર ભારત સહિત દુનિયાભરમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. કોરોનાના નવા પ્રકારનું નામ JN.1 રાખવામાં આવ્યું છે અને તેની ઓળખ લક્ઝમબર્ગ તેમજ ઈંગ્લેન્ડ, આઈસલેન્ડ, ફ્રાન્સ અને અમેરિકામાં કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે સારી વાત એ છે કે અત્યાર સુધી ભારતમાં આ વેરિઅન્ટનો કોઈ કેસ સામે આવ્યો નથી. પરંતુ જે રીતે તે અત્યંત ચેપી હોવાનું કહેવાય છે તે અંગે ચિંતા કરવાનું કારણ છે.તે કોવિડના અન્ય પ્રકારો કરતાં વધુ ચેપી હોવાનું કહેવાય છે. વૈજ્ઞાનિકો કહે છે કે JN.1 XBB.1.5 અને HV.1 થી અલગ છે. જો આપણે કોરોનાની આ બે જાતો વિશે વાત કરીએ, તો અમેરિકામાં રસીનો બૂસ્ટર ડોઝ XBB.1.5 અને HV.1 સામે લડવામાં અસરકારક છે. પરંતુ JN.1 સંપૂર્ણપણે અલગ છે. XBB.1.5 અને HV.1 માં અત્યાર સુધીમાં ૧૦ મ્યુટેશન થયા છે. જ્યારે XBB.1.5 ની સરખામણીમાં JN.1 માં ૪૧ ફેરફારો થયા છે. મોટાભાગના ફેરફારો સ્પાઈક પ્રોટીન સાથે સંબંધિત છે, સૌથી મોટી વાત એ છે કે અત્યંત ચેપી હોવા ઉપરાંત, રસી પણ અસરકારક નથી. ન્યુયોર્કની બફેલો યુનિવર્સિટીના ડો.થોમસ રુસો કહે છે કે તે શરીરની રોગપ્રતિકારક શક્તિથી પોતાને બચાવે છે, એટલે કે જો કોઈને JN.1થી ચેપ લાગે છે, તો તેના માટે મુશ્કેલ દિવસો આવવાના છે. કેટલાક ડેટા અનુસાર, JN.1 માં ૪૧ પ્રકારના પરિવર્તનને કારણે રસીઓ પણ ઓછી અસરકારક છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ના ડેટા અનુસાર, વિશ્વભરમાં અત્યાર સુધીમાં કોરોનાના ૭૭ કરોડ કેસ નોંધાયા છે. આ ૭૭ કરોડ કેસમાં ૬૯ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. જો દુનિયાના કેટલાક પસંદગીના દેશોની વાત કરીએ તો અમેરિકામાં ૧૦ કરોડ કન્ફર્મ કેસ હતા જેમાં ૧૧ લાખ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ચીનમાં ૯ કરોડ કેસ નોંધાયા અને ૧.૨૫ લાખ લોકોના મોત થયા. ભારતમાં ૪.૫ કરોડ કેસ નોંધાયા છે અને પાંચ લોકોએ જીવ ગુમાવ્યો છે, ફ્રાન્સમાં કુલ ૩.૮ કરોડ કેસ નોંધાયા છે જેમાં ૧.૫ કરોડથી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. જર્મનીમાં કુલ ૩.૮ કરોડ કેસ નોંધાયા હતા અને ૧.૭૪ લાખ લોકોએ જીવ ગુમાવ્યા હતા. યુકેમાં લગભગ ૨.૫ કરોડ લોકો પ્રભાવિત થયા હતા અને ૨ લાખથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ આંકડાઓ પરથી તમે કોરોનાની ભયાનકતાને સમજી શકો છો.કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટે, વૈશ્વિક સ્તરે વિવિધ રસીઓ પર કામ કરવામાં આવ્યું હતું. હાલમાં, કોવિશિલ્ડ અને સ્પુટનિક સ્વદેશી કોવેક્સિન સાથે ભારતમાં ઉપલબ્ધ છે. આ રસીઓએ કરોડો લોકોને કોરોનાના પ્રકોપથી સુરક્ષિત રાખવામાં મદદ કરી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ૨૦૨૦-૨૧માં કોરોના તેની ટોચ પર હતો. તે સમયના પ્રકારો અનુસાર, વૈશ્વિક સ્તરે રસી પર કામ શરૂ થયું. એ વાત સાચી છે કે ૨૦૨૦ થી આજ સુધી, કોરોના વાયરસમાં ઘણા મ્યુટેશન થયા છે. પરંતુ જે.એન.૧ માં જે રીતે પરિવર્તન થયું છે તે જોતાં રસી પર નવેસરથી કામ કરવું પડશે.

### પ્રદૂષણના સામના માટે દિલ્હી સરકારે અનેક પગલાં લીધા

# દિલ્હીમાં ઓડ-ઈવન સ્કીમ તદન નિષ્ફળ રહ્યાનો કોંગ્રેસનો દાવો

## અગાઉ ઓડ-ઈવન સ્કીમ હવા પ્રદૂષણને ડામવામાં સંપૂર્ણ નિષ્ફળ, લોકો માત્ર અસુવિધાનો સામનો કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૮

દેશની રાજધાની હાલ ગંભીર વાયુપ્રદૂષણનો સામનો કરી રહી છે. દિલ્હી સરકાર પણ પ્રદૂષણને નાથવા તમામ પગલાઓ તેમ નીત-નવા નિયમો અમલમાં મુકી રહી છે. એટલું જ નહીં સરકારે નાછુટકે ‘ઓડ-ઈવન સ્કીમ’ પણ લાગુ કરી દીધી છે,

જોકે હવે કોંગ્રેસે પોતાના ઈન્ડિયા ગઠબંધનના સહયોગી આપપર પ્રદૂષણ મામલે આકરા પ્રહારો કરી મોટો દાવો કર્યો છે. દિલ્હી કોંગ્રેસે ‘ઓડ-ઈવન સ્કીમ’ સંપૂર્ણ નિષ્ફળ ગઈ હોવાનો દાવો કર્યો છે.

દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટીના (ડીપીસીસી)ના પ્રમુખ અરવિંદ સિંહ લવલી એ દાવો કર્યો છે કે, અગાઉ કાર ચલાવવા માટે લવાયેલ ‘ઓડ-ઈવન સ્કીમ’ હવા પ્રદૂષણને ડામવામાં સંપૂર્ણ નિષ્ફળ રહી છે.

આ યોજનાના અમલથી લોકો માત્ર અસુવિધાનો સામનો કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે, દિલ્હી ગેસ ચેમ્બર બની ગઈ છે અને દિલ્હી સરકાર પ્રદૂષણના ડામવામાં મહત્વના નિર્ણયો લેવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. ઉલ્લેખનિય છે કે, દિલ્હી સરકાર રાજ્યમાં પ્રદૂષણ પર કાબુ મેળવવા વર્ષ ૨૦૧૬માં ‘ઓડ-ઈવન સ્કીમ’ લાવી હતી. વાસ્તવમાં દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે, રાજધાનીમાં ૧૩થી ૨૦ નવેમ્બર સુધી ઓડ ઈવન સ્કીમ લાગુ કરવામાં આવશે. ત્યારબાદ પ્રદૂષણ મામલે લવલીનું આ નિવેદન સામે આવ્યું છે.

લવલીએ કહ્યું કે, અત્યંત નબળી હવાની ગુણવત્તા મામલે કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને જવાબદાર છે. આખું વર્ષ મળ્યું છતાં તેમણે પ્રદૂષણ ઘટાડવા કોઈ પગલા ન ભર્યા અને જ્યારે ઝેરી હવાનો લોકો શિકાર બન્યા, ત્યારે તેઓ જાગ્યા.

જો દિલ્હીમાં પ્રદૂષણ વધવાનું મુખ્ય કારણ પરાળી સળગાવવાનું હોય, તો ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ભાજપસરકારે તેમજ પંજાબ અને દિલ્હીમાં આમ આદમી પાર્ટી ની સરકારે પરાળી સળગાવવાની ઘટનાઓ અટકાવવા યોગ્ય પગલા ભરવા જોઈતા હતા. રાજ્ય સરકારની ઓડ ઈવન સ્કીમ ખોટો નિર્ણય હતો, આ સ્કીમથી પ્રદૂષણમાં ઘટાડો નહીં, પરંતુ લોકો અસુવિધામાં મુકાયા.

### પોલીસ ખાતાને લઇને એક મોટા સમાચાર સામે આવ્યા

# પોલીસ ખાતા માટે દિવાળી શુભ, ૫૩૮ ASIને અપાઇ PSI તરીકે બઢતી

## આ તમામ ૫૩૮ એએસઆઇ લાંબા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહ્યાં હતા, હવે તેમને હંગામી બઢતી મળી છે

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં પોલીસ ખાતાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં જ જાહેરાત થઈ છે કે, રાજ્યમાં ૫૩૮ એએસઆઈને હંગામી પ્રમોશન આપવામાં આવ્યુ છે,

ગુજરાતમાં પોલીસ ખાતાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં જ જાહેરાત થઈ છે કે, રાજ્યમાં ૫૩૮ એએસઆઈને હંગામી પ્રમોશન આપવામાં આવ્યુ છે, બઢતી પામેલા તમામ એએસઆઈને ગૃહ વિભાગે પીએસઆઈ તરીકે પ્રમોટ કર્યા છે. રાજ્યના ગૃહ વિભાગે આજે દિવાળી ટાણે પોલીસ ખાતા માટે શુભ સમાચાર આપ્યા છે જે અંતર્ગત આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરની દિવાળી સુધારી છે, આ પછી રાજ્યમાં પોલીસ તંત્રમાં પીએસઆઈની ઘટ્ટ ઓછી થઈ શકે છે. ગૃહ વિભાગે આજે જાહેરાત કરતા કહ્યું કે, ૫૩૮ જેટલા જુનિયર કક્ષાના ASI ને PSI તરીકે હંગામી બઢતી આપવામાં આવી છે. આ તમામ ૫૩૮ એએસઆઈ લાંબા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહ્યાં હતા, હવે તેમને હંગામી બઢતી મળી છે. ગુજરાતના સરકારના ગૃહ વિભાગે બે અધિકારીઓની કરેલો બઢતીનો હુકમ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયો છે. ગુજરાત પોલીસમાં એક અલગ જ નામ અને કામ ધરાવતા બે ડીવાયએસપીને ગૃહ વિભાગે સુપ્રિટેન્ડન્ટ ઑફ પોલીસ તરીકે બઢતી આપી છે.

ગૃહ વિભાગે ATS ના DySP કે. કે. પટેલ અને સુરત ક્રાઈમ બ્રાંચના ACP ભાવેશ રોજિયાને આઉટ ઑફ ટર્ન પ્રમોશન આપ્યા છે. એક સાથે બબ્બે ડીવાયએસપીને એસપી તરીકેની બઢતી આપવામાં આવતા ગુજરાત પોલીસમાં એક નવો ઈતિહાસ રચાયો છે. ગૃહ વિભાગે બંને અધિકારીઓને બઢતી આપવાની સાથે સાથે તેમની બદલી પણ કરી છે. ડીવાયએસપી કે. કે. પટેલને SP મરીન ટાસ્ક ફોર્સ કમાન્ડર ગાંધીધામ-કચ્છ તરીકે નિમણૂંક આપી છે. જયારે બી. પી. રોજિયાને નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ-૨ સુરત તરીકે નિમણૂંક કરી છે.

પોલીસ વિભાગમાં બેદાગ રહીને જે અધિકારી-કર્મચારી કોઈ અતિ નોંધપાત્ર કામગીરી કરે છે તેને રાજ્ય સરકાર આઉટ ઑફ પ્રમોશન આપે છે. જે અધિકારી કે કર્મચારીને આઉટ ઑફ ટર્ન પ્રમોશન આપવાનું હોય તેની કામગીરી-મેડલ સહિતની માહિતી રાજ્ય પોલીસ વડા તરફથી ગૃહ વિભાગને મોકલવામાં આવે છે. ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગ અને આખરે મુખ્યમંત્રી પાસે પહોંચે છે. આઉટ ટર્ન પ્રમોશન માટે મુખ્યમંત્રીની મહોર બાદ ગૃહ વિભાગ બઢતીનો હુકમ કરે છે.

### ગુજરાતીઓ માટે ટેન્શનના સમાચાર

# આવનાર દિવાળી વચ્ચે આવી કમોસમી વરસાદની આગાહી

## ગુજરાતમાં ૨થી ૩ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે ભેજનું પ્રમાણ વધુ હોવાથી વાદળછાયું વાતાવરણ રહેશે

અમદાવાદ, તા.૮

તૈયાર રહેજો, ગુજરાતમાં આજથી વાતાવરણ પલટાવા જઈ રહ્યું છે. ઠંડી ગરમીની બેવડી ઋતુ વચ્ચે વરસાદનું આગમન થશે. જોકે, શિયાળામાં આવનાર આ વરસાદ કમોસમી વરસાદ બની રહેશે. આજથી દિવાળીના પાવન પર્વની શરૂઆત થઈ ગઈ છે. લોકોએ ઉત્સવની ઉજવણીની શરૂઆત કરી દીધી છે. કેટલાક ફરવાના પ્લાન બનાવ્યા છે, આવામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં વાતાવરણમાં પલટો આવશે, અને કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજથી પાંચ દિવસ ગુજરાતમાં કમોસમી વરસાદનો માહોલ રહી શકે છે. આ પાંચ દિવસોમાં ક્યાંકને ક્યાંક છુટાછવાયા તથા હળવા વરસાદની આગાહી છે. ત્યારે આ ૮ થી ૧૧નું આ સેશન ગુજરાતના ખેડૂતો માટે ચિંતાજનક હશે. ૮થી ૧૧ નવેમ્બર દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં માવઠાની શક્યતા રહેલી છે. આ માવઠાથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના દરિયાકિનારાના જિલ્લાઓ સૌથી વધુ પ્રભાવિત થશે. આ સાથે તેમણે રાજ્યના કયા કયા વિસ્તારોમાં માવઠું થશે તે અંગે જણાવતા કહ્યુ છે કે, સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જુનાગઢ અને પોરબંદરના અમુક વિસ્તારો હશે તે વધારે પ્રભાવિત થઈ શકે છે.

આ સાથે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમં માવઠાની તીવ્રતા વધારે રહેશે. આ વિસ્તારોમાં છૂટાછવાયા અને હળવા માવઠા થશે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં જેમકે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી અને સાબરકાંઠા તથા સૌરાષ્ટ્રના જિલ્લાઓ પોરબંદર, દ્વારકા, જૂનાગઢ અને રાજકોટમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો ત્યાં બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં વધારે પડતા ઘાટ્ટા વાદળો જોવા મળશે અને ક્યાંક ક્યાંક સામાન્ય વરસાદ થવાની શક્યતા છે.

હાલ રાજ્યમાં રાત દરમિયાન ઠંડી હોય છે. પરંતુ તમને જણાવી દઈ કે, હાલ ગુજરાતનું વડોદરા શહેર સૌથી ઠંડુ શહેર બન્યું છે. તો હવામાન વિભાગની ઠંડીને લઈને આગાહી કરતા જણાવ્યું કે, રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદની શકયતા નહિવત છે. આગામી પાંચ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. તેમજ તાપમાન યથાવત રહેશે. જોકે ૧ કે ૨ ડિગ્રી ફરક આવી શકે છે. હાલમાં રાત્રે ૨૦ ડિગ્રી, જ્યારે કે દિવસે ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાતે સૌથી ઓછું વડોદરામાં૧૮ ડિગ્રી તાપમાન રહ્યું છે. અમદાવાદમાં રાતે ૨૦ ડિગ્રી જ્યારે ગાંધીનગરમાં રાતે ૧૮.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.મનોરમા મોહંતીએ જણાવ્યું કે, હાલ નવેમ્બરમાં તો એટલી ઠંડી નહિ અનુભવાય, પરંતુ ડિસેમ્બરમાં ઠંડી લાગી શકે છે. ભેજના કારણે વાદળો અને ધુમ્મસ રહી શકે છે. હાલ વાતાવરણમાં કોઈ સિસ્ટમ સક્રિય નથી, તેથી ઉત્તર પૂર્વીય પવનના કારણે ખાલી ઠંડીનું વાતાવરણ રહેશે.

### નિફ્ટી બેન્ક એક્સપાયરી પર માર્કેટમાં કન્સોલિડેશન જોવા મળ્યું

# સેન્સેક્સમાં ૩૩, નિફ્ટીમાં ૩૭ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

## બીપીસીએલ, અદાણી પોર્ટ્સ, સિપ્લા, એશિયન પેઇન્ટ્સ અને ટાઇટન કંપની નિફ્ટીમાં ટોપ ગેઇનર રહ્યા હતા

મુંબઈ, તા.૮

નિફ્ટી બેંક એક્સપાયરી પર માર્કેટમાં કન્સોલિડેશન જોવા મળ્યું હતું અને સેન્સેક્સ-નિફ્ટી લીલા નિશાનમાં બંધ થયા હતા. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજી જોવા મળી હતી. રિયલ્ટી, ફાર્મા, મેટલ શેરો વધ્યા. ઓટો, એફએમસીજી સૂચકાંકો ઉછાળા સાથે બંધ થયા છે. આઈટી અને બેંક્ગિ શેરોમાં દબાણ જોવા મળ્યું હતું. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૩૩.૨૧ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકાના વધારા સાથે ૬૪,૯૭૫.૬૧ પર બંધ થયો હતો. નિફ્ટી ૩૬.૮૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકાના વધારા સાથે ૧૯૪૪૩.૫૦ પર બંધ થયો.

બીપીસીએલ, અદાણી પોર્ટ્સ, સિપ્લા, એશિયન પેઈન્ટ્સ અને ટાઈટન કંપની નિફ્ટીમાં ટોપ ગેઈનર હતા. જ્યારે આઈસીઆઈસીઆઈબેંક, એનટીપીસી, ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસ અને એચડીએફસીલાઈફ નિફ્ટીના ટોપ લૂઝર હતા. શેરબજારમાં તહેવારોની સિઝનના રંગો ચડવા લાગ્યા છે. આજના કારોબારમાં ફાર્મા, એફએમસીજી અને હેલ્થકેર સેક્ટરના શેરોમાં રોકાણકારો દ્વારા જોરદાર ખરીદારી થઈ છે, જેના કારણે બજાર લીલા નિશાનમાં બંધ થયું છે. બજારના બંને મુખ્ય એક્સચેન્જોમાં થોડો વધારો જોવા મળ્યો છે પરંતુ મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. આજના કારોબારના અંતે મ્જીઈ સેન્સેક્સ ૩૩ પોઈન્ટના ઉછાળા સાથે ૬૪,૯૭૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૭ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૪૪૩ પોઈન્ટ પર બંધ રહ્યો હતો.

આજના કારોબારમાં મિડ કેપ શેરોમાં ફરી જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. નિફ્ટીનો મિડ કેપ ઈન્ડેક્સ ૩૯૭ પોઈન્ટ અથવા ૦.૯૯ ટકાના ઉછાળા સાથે ૪૦,૪૪૭ પોઈન્ટ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટીનો સ્મોલ કેપ ઈન્ડેક્સ ૯૨ પોઈન્ટના ઉછાળા સાથે ૧૩,૩૩૫ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, એનર્જી, કોમોડિટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ અને ઓટો સેક્ટરના શેરમાં ખરીદી જોવા મળી હતી. જ્યારે બેંક્ગિ, આઈટી અને મીડિયા શેરોમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૬ શેર ઉછાળા સાથે અને ૧૪ નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શૅર્સમાંથી ૩૩ શૅર તેજી સાથે અને ૧૭ શૅર ઘટાડા સાથે બંધ થયા હતા.

આઈટી અને બેંક સેક્ટર સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થયા છે. રિયલ્ટી, ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ ૧ ટકાના વધારા સાથે બંધ થયા છે. જ્યારે ઓટો, એફએમસીજી અને મેટલ ઈન્ડેક્સ ૦.૫ ટકાના વધારા સાથે બંધ થયા છે. જ્યારે મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૦.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

શેરબજારમાં અદભૂત ઉછાળાને કારણે બુધવારના સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં ઉછાળો આવ્યો છે. મ્જીઈ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૩૨૦.૪૫ લાખ કરોડ હતું, જે અગાઉના ટ્રેડિંગ સેશનમાં રૂ. ૩૧૯.૦૭ લાખ કરોડ હતું. એટલે કે આજના વેપારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧.૩૮ કરોડનો વધારો થયો છે.

### રામનગરીમાં ત્રેતા યુગ જેવી દિવાળીની તૈયારી

# સરયુ નદીના કાંઠે ૨૧ લાખ દીવડાનો વર્લ્ડ રેકોર્ડ સર્જાશે

## ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થનારી પ્રાણ પ્રતિષ્ઠા પહેલાં નિર્ધારિત કામો પૂરા કરવામાં આવી રહ્યા છે

અયોધ્યા, તા.૮

અયોધ્યામાં તૈયાર થઈ રહેલા રામ મંદિરના લોકાર્પણને આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ભગવાન રામની આ નગરીમાં આ વખતે દિવાળીની રોનક સૌથી અલગ હશે. સરયુ નદીના ઘાટ પર લાખોની સંખ્યામાં દીવડાનો નવો વિશ્વવિક્રમ રચાશે. આ માટે ૨૫ હજાર સ્વયંસેવકો કામે લાગ્યા છે. સમગ્ર અયોધ્યાને રોશનીથી શણગારવામાં આવી છે. અયોધ્યામાં દિપોત્સવની તૈયારીઓ ધૂમધામથી ચાલી રહી છે. દિવાળી અને અયોધ્યા એકબીજાનો પર્યાય છે...ત્રેતા યુગમાં લંકા પર વિજય મેળવીને ભગવાન રામ અયોધ્યા પરત ફર્યા, ત્યારે અયોધ્યાવાસીઓએ દીપક પ્રજવલિત કરીને તેમનું સ્વાગત કર્યું હતું. અયોધ્યાનો ઉજાસ સમય જતાં દિવાળી રૂપે દુનિયાભરમાં ફેલાયો.

છેલ્લા ૬ વર્ષથી ઉત્તર પ્રદેશ સરકાર અયોધ્યામાં દીપોત્સવની ઉજવણી કરે છે. આ વર્ષે સાતમો દીપોત્સવ સૌથી ખાસ હશે. ૨૦૨૨માં દિવાળી પર અયોધ્યામાં ૧૫ લાખ ૭૬ હજાર દિવા પ્રજવલિત કરાયા હતા. ત્યારે આ વર્ષે સરયુ નદીના ૫૧ ઘાટ પર એક સાથે ૨૧ લાખ દીવડા પ્રજવલિત કરવાનો નવો રેકોર્ડ સ્થાપિત થશે. એક સમયે એક સાથે ૨૧ લાખ દિવા પ્રજવલિત જોઈ શકાય તે માટે કુલ ૨૪ લાખ દીવા પ્રજવલિત કરાશે. દીવડાના આ આંકડાનો ઉલ્લેખ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં થશે. આ સમગ્ર કામગીરીની જવાબદારી ૨૫ હજાર વોલન્ટિયરને સોંપાઈ છે. તેઓ દિવડા પ્રજવલિત કરવા એક લાખ લીટર સરસવના તેલનો ઉપયોગ કરશે.

આટલું જ નહીં, ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓ સરયુના ઘાટ પર પ્રજવલિત દીવડાની વચ્ચે રામ મંદિર અને શ્રી રામની આકૃતિ પણ તૈયાર કરશે. જો કે સરયુના જે ઘાટ પર નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, ત્યાં તેલ વિનાના દિવડા પ્રજવલિત કરાશે.

૧૧મી નવેમ્બરના દિપોત્સવ માટે વોલન્ટિયર્સ ઘાટ પર દિવડા સજાવવાનું કામ કરી દેશે. ૧૦મી તારીખ સુધી દીવડામાં તેલ ભરી દેવાશે. ગ્રીન આતશબાજી અને લેઝર શો થી સરયૂના તટની રોનક કંઈક ઓર હશે. અયોધ્યામાં વહીવટી તંત્ર અત્યારે સમગ્ર શહેરને રોશનીથી શણગારવામાં કામ લાગ્યું છે. માર્ગો, ઘાટ, કુંડ, મઠ અને મંદિરો પર રંગબેરંગી લાઈટિંગનો ઝગમગાટ જોઈ શકાય છે. રામનગરીને ત્રેતા યુગ જેવો શણગાર કરાયો છે.

અયોધ્યામાં આ વખતના દિપોત્સવના અન્ય આકર્ષણો પર નજર કરીએ તો અહીં વિશ્વની સૌથી મોટી સ્ક્રીન પર લેઝર શૉનું આયોજન કરાશે. સરયુની જલધારામાં વોટર લાઈટિંગ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. દીપોત્સવમાં જ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની ઝલક જોવા મળશે. રામકથા પર આધારિત ૭ ઝાંખીઓ પણ તૈયાર કરાઈ છે. અયોધ્યામાં કુલ ૧૮ ઝાંખીઓની શોભાયાત્રા નીકળશે, જે રામકથા પાર્ક સુધી જશે. ૨૨ રાજ્યોના ૧૫૦૦ લોકકલાકારો રામકથા રજૂ કરશે.

રશિયા, શ્રીલંકા અને નેપાળના ૩૦૦ કલાકારો અહીં પહોંચશે. વિશાળ એલઈડી સ્ક્રીનને પાંચ વર્ષ માટે જાળવી રાખવામાં આવશે. હવે જાન્યુઆરી સુધી દેશમાં અયોધ્યા ચર્ચામાં રહેશે. મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા બાદ ૨૦૨૪ના દીપોત્સવની ભવ્યતાનો અંદાજ માંડી શકાય છે.

### મધ્યપ્રદેશમાં ચૂંટણી રેલીને સંબોધતા વડાપ્રધાનના વિપક્ષો પર પ્રહાર

# સરકારને ઊખાડી ફેંકવા વિપક્ષો ઈન્ડિયા ગઠબંધનના ઝંડા સાથે ફરી રહ્યા છે : મોદી

## ગઠબંધનનો એક પણ નેતા માતા-બહેનો પર આપવામાં આવેલા નિવેદન વિરુદ્ધ એક શબ્દ બોલવા માટે તૈયાર નથી, દુનિયામાં દેશની બદનામી કરાવી રહ્યા છે : વડાપ્રધાન

ગુના, તા.૮

વસતી નિયંત્રણ પર બિહારના મુખ્ય મંત્રી નીતીશ કુમારના વિવાદાસ્પદ નિવેદન અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાને પણ નિશાન પર લીધુ છે. પીએમ મોદીએ મધ્ય પ્રદેશના ગુનામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા આજે કહ્યું કે, ગઠબંધનના નેતાએ વિધાનસભાની અંદર માતા-બહેન સાથે એવા ભાષામાં વાત કરી... તેમને કોઈ શરમ નથી.

તેમણે કહ્યું કે, જે ઈન્ડિયા ગઠબંધનના નેતા ઝંડો લઈને ફરી રહ્યા છે અને જેઓ દેશની વર્તમાન સરકારને ઉખાડી ફેંકવા માટે જાત-જાતના ખેલ ખેલી રહ્યા છે. તે ઈન્ડિયા ગઠબંધનના નેતાએ વિધાનસભાની અંદર, જે સભામાં માતા-બહેનો હાજર હતા ત્યાં કોઈ કલ્પના ન કરી શકે તેવી ભાષામાં ગંદી વાત કરી.

પીએમ મોદીએ આગળ કહ્યું કે, એટલું જ નહીં ગઠબંધનનો એક પણ નેતા માતા-બહેનો પર આપવામાં આવેલા નિવેદન વિરુદ્ધ એક શબ્દ બોલવા માટે તૈયાર નથી. તેઓ તમારું શું ભલુ કરી શકશે? કેવું દુર્ભાગ્ય આવ્યુ છે. દુનિયામાં દેશની બદનામી કરાવી રહ્યા છે. તમારા સમ્માનમાં જે થઈ શકશે તે હું કરીશ. પીએમ મોદીએ આ સાથે જ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, તે લોકોને માત્ર પોતાના દીકરા-દીકરીની ચિંતા છે. કોંગ્રેસ દૂરનું નથી વિચારતી. વસતી નિયંત્રણ કરવા માટે મહિલાઓ વચ્ચે શિક્ષાના મહત્વ પર ભાર મૂકતા નીતીશ કુમારે ગઈ કાલે ગૃહમાં કહ્યું હતું કે, કેવી રીતે એક શિક્ષિત મહિલા પોતાના પતિને શારીરિક સબંધ દરમિયાન રોકી શકે છે. તેને લઈને વિપક્ષ તેને નિશાન પર લઈ રહ્યું છે.બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગૃહમાં નિવેદન આપ્યા બાદ ચારેબાજુથી તેનો વિરોધ શરુ થયો હતો અને પટનાથી લઈને દિલ્હી સુધી હોબાળો મચી ગયો હતો. જો કે તેજસ્વી યાદવે નીતિશ કુમારનો બચાવ કર્યો હતો ત્યારે નીતીશ કુમારે આજે તેમના નિવેદન પર માફી માંગતા કહ્યું હતુ કે 'મેં માત્ર મહિલા શિક્ષણની વાત કરી હતી, જો મેં કંઈપણ ખોટું કહ્યું હોય તો હું માફી માંગુ છું.

### એક કિલોનો ભાવ સાંભળી પરસેવો છૂટી જશે

# અમદાવાદમાં પ્રથમ વખત 'સોના'ની સ્પેશ્યલ મીઠાઇ

## આ મીઠાઇનો ભાવ ૨૨ હજાર ૨૦૦ રૂપિયે પ્રતિ કિલો

અમદાવાદ, તા.૮

આ વર્ષે દિવાળી ૧૨ નવેમ્બર, રવિવારના રોજ ઉજવવામાં આવી રહી છે. દિવાળીના દિવસે ધનની દેવી મા લક્ષ્મી અને ગણેશજી અને કુબેરજીની વિશેષ પૂજા કરવામાં આવે છે. દિવાળીના તહેવારમાં મીઠાઈનું અનેરૂ મહત્વ છે. ત્યારે અમદાવાદમાં પ્રથમ વખત દિવાળી સ્પેશિયલ સોનાની મીઠાઈ બનાવવામાં આવી છે. આ મીઠાઈ પર સોનાનો વરખ ચઢાવવામાં આવ્યો છે. દિવાળી પહેલા અમદાવાદમાં મીઠાઈઓમાં અવનવા ટ્રેન્ડ શરૂ થયા છે. સુરત બાદ હવે અમદાવાદમાં મોંઘીદાટ મીઠાઈનો ટ્રેન્ડ વધ્યો છે. સિંધુભવન સ્થિત ગ્વાલિયા ભોગ તરફથી મીઠાઇ તૈયાર કરવામાં આવી છે. ગ્વાલિયા ભોગ તરફથી તૈયાર કરવામાં આવેલી આ મીઠાઇનો ભાવ ૨૨ હજાર ૨૦૦ રૂપિયે પ્રતિ કિલો રખાયો છે. ગોલ્ડ કોઈનના આકારમાં બનેલી આ મીઠાઈનું નામ છે પિસ્તા ક્રેઈનબેરી સ્વર્ણમુદ્રા અને આલમંડ બ્લુબેરી સ્વર્ણમુદ્રા.

આ મીઠાઈઓ પિસ્તા અને બદામના ઉપયોગથી તૈયાર કરવામાં આવી છે. તો ફ્લેવર અને સ્વાદ માટે ક્રેઈનબેરી અને બ્લુબેરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મીઠાઈની આટલી કિંમત પાછળ મીઠાઈ પર લગાવવામાં આવેલો સોનાનો વરખ છે. ૨૪ કેરેટ સોનામાંથી આ વરખ બનાવ્યો હોવાનો દાવો કરાયો છે. આ જ કારણે મીઠાઈનો ભાવ ૨૨૦૦૦ રૂપિયે કિલો રાખવામાં આવ્યો છે.

અમદાવાદમાં માધવ ડ્રાયફ્રુટ નામની દુકાનમાંથી ખરીદેલા કાજુમાંથી ઈયળ નીકળી હતી. શહેરના સાઉથ બોપલમાં આવેલી માધવ ડ્રાયફ્રુટ દુકાનમાંથી ખરીદવામાં આવેલા કાજુના પેકેટમાંથી ઈયળો નીકળી હતી. આરોગ્ય વિભાગે સેમ્પલ લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

દિવાળી પર ઘણી બધી મીઠાઈઓ અને વાનગીઓ બનાવવામાં આવે છે. ૫ દિવસ સુધી ચાલનારા આ તહેવારમાં દરરોજ અલગ-અલગ પ્રકારની મીઠાઈઓ બનાવવામાં આવે છે અને લોકો તેને ખૂબ ખાય છે પરંતુ જે લોકો ડાયાબિટીસથી પીડિત છે તેઓ તેમના મનને કાબૂમાં રાખી શકતા નથી અને દિવાળી પર મીઠાઈઓ ખાવાથી તેમના બ્લડ શુગર લેવલ વધી જાય છે. દિવાળી પર મીઠાઈઓ ખાધા પછી પણ તમે તમારા ડાયાબિટીસને કેવી રીતે નિયંત્રણમાં રાખી શકો છો.

ખોરાક ખાધા પછી ઓછામાં ઓછી ૧૦ મિનિટ ચાલવા માટે બહાર કાઢો. ચાલવાથી શરીરનું બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં રહે છે. સંશોધનમાં એ પણ સાબિત થયું છે કે ડાયાબિટીસથી પીડિત લોકોએ દરરોજ ઓછામાં ઓછું ૨૦ મિનિટ ચાલવું જોઈએ.

### ઓસ્ટ્રેલિયાએ અફઘાનિસ્તાનને ત્રણ વિકેટે હરાવ્યું

# મેક્સવેલે કપિલના ૧૭૫ અણનમ રનનો રેકોર્ડ તોડ્યો

## મેક્સવેલે અફઘાનિસ્તાન સામે ૧૫૭.૦૩ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા ૧૨૮ બોલમાં અણનમ ૨૦૧ રન બનાવ્યા

મુંબઈ, તા.૮

ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન વચ્ચે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ગઈકાલે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ અફઘાનિસ્તાનને ૩ વિકેટથી હરાવ્યું હતું.

આ મેચમાં ઓસ્ટ્રેલિયાને જીત અપાવવામાં ગ્લેન મેક્સવેલે સૌથી મોટી ભૂમિકા ભજવી હતી. મેક્સવેલે અફઘાનિસ્તાન સામે ૧૫૭.૦૩ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા અણનમ ૨૦૧ રન બનાવ્યા હતા. આ સાથે તેણે ૪૦ વર્ષ જૂના કપિલ દેવના રેકોર્ડને તોડી દીધો છે. કપિલ દેવે વન-ડે વર્લ્ડ કપ ૧૯૮૩માં ઝિમ્બાબ્વે સામે રન ચેઝ કરતા અણનમ ૧૭૫ રન બનાવ્યા હતા.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતા ૫ વિકટ ગુમાવીને ૨૯૧ રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાન માટે ઈબ્રાહીમ ઝાદરાને શાનદાર સદી ફટકારી હતી. તે અફઘાનિસ્તાન માટે વન-ડે વર્લ્ડ કપમાં સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો.

જવાબમાં ઓસ્ટ્રેલિયાએ માત્ર ૯૧ રનના સ્કોર પર ૭ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ મેક્સવેલે ઓસ્ટ્રેલિયાની ઈનિંગ સંભાળી અને તાબડતોડ બેટિંગ કરતા માત્ર ૧૨૮ બોલમાં ૨૦૧ રન ફટકારી દીધા હતા. આ સાથે જ તેણે ઘણાં રેકોર્ડ બનાવ્યા હતા.

વનડે રન ચેઝમાં સર્વોચ્ચ સ્કોર
૨૦૧* - ગ્લેન મેક્સવેલ, ઓસ્ટ્રેલિયા વિ.અફઘાનિસ્તાન, મુંબઈ, વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩
૧૯૩ - ફખર ઝમાન, પાકિસ્તાન વિ.સાઉથ આફ્રિકા, જોહાનિસબર્ગ, ૨૦૨૧
૧૮૫* - શેન વોટસન, ઓસ્ટ્રેલિયા વિ.બાંગ્લાદેશ, મીરપુર, ૨૦૧૧
૧૮૩* - એમ.એસ ધોની ભારત વિ.શ્રીલંકા, જયપુર, ૨૦૦૫
૧૮૩ - વિરાટ કોહલી, ભારત વિ.પાકિસ્તાન, મીરપુર, ૨૦૧૨

વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન
૨૩૭* - માર્ટિન ગુપ્ટિલ, ન્યુઝીલેન્ડ વિ.વેસ્ટ ઈન્ડિઝ, વેલિંગ્ટન, ૨૦૧૫
૨૧૫ - ક્રિસ ગેલ, વેસ્ટ ઈન્ડિઝ વિ.ઝિમ્બાબ્વે, કેનબેરા, ૨૦૧૫
૨૦૧* - ગ્લેન મેક્સવેલ, ઓસ્ટ્રેલિયા વિ.અફઘાનિસ્તાન, મુંબઈ, ૨૦૨૩*
૧૮૮* - ગેરી કર્સ્ટન, સાઉથ આફ્રિકા વિ.યુએઈ, રાવલપિંડી, ૧૯૯૬
૧૮૩ - સૌરવ ગાંગુલી, ભારત વિ.શ્રીલંકા, ટોન્ટન, ૧૯૯૯

વર્લ્ડ કપમાં સૌથી વધુ છગ્ગા
૪૯ - ક્રિસ ગેલ
૪૫ - રોહિત શર્મા
૪૩ - ગ્લેન મેક્સવેલ
૩૭ - એબી ડી વિલિયર્સ
૩૭ - ડેવિડ વોર્નર

ઓસ્ટ્રેલિયા માટે વનડેમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર
૨૦૧* - ગ્લેન મેક્સવેલ વિ.અફઘાનિસ્તાન, મુંબઈ, ૨૦૨૩
૧૮૫* - શેન વોટસન વિ.બાંગ્લાદેશ, મીરપુર, ૨૦૧૧
૧૮૧* - મેથ્યુ હેડન વિ.ન્યુઝીલેન્ડ, હેમિલ્ટન, ૨૦૦૭
૧૭૯ - ડેવિડ વોર્નર વિ.પાકિસ્તાન, એડિલેડ, ૨૦૧૭
૧૭૮ - ડેવિડ વોર્નર વિ.અફઘાનિસ્તાન, પર્થ, ૨૦૧૫

### અમેરિકા જવામાં ગુજરાતીઓ અવ્વલ !

# ચાલુ વર્ષે અમેરિકાએ ૧૦ લાખથી વધારે ભારતીયોને વિઝા આપ્યા

## ભારતીયોમાં સ્ટુડન્ટ અમેરિકન વિઝાની જબરદસ્ત ડિમાન્ડ

નવી દિલ્હી, તા.૮

અમેરિકામાં નોકરી કરીને પૈસા કમાવવા કે પછી ઉચ્ચ અભ્યાસના નામે અમેરિકામાં એન્ટ્રી મેળવવા માટે ભારતીયોમાં ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. એમાંય ખાસ કરીને ગુજરાતીઓ તો અમેરિકાનું નામ સાંભળતા જ ઘેલા થાય છે. લાખો રૂપિયા ખર્ચીને પણ ગુજરાતીઓ અમેરિકા જવાનું સેટિંગ કરી રહ્યાં છે.

આસ્થિતિની વચ્ચે વિઝા અંગે પણ ચોંકાવનારા આંકડા સામે આવ્યાં છે. જે મુજબ ભારતીયોમાં સ્ટુડન્ટ અમેરિકન વિઝાની જબરદસ્ત ડિમાન્ડ જોવા મળી રહી છે. જુલાઈ-ઓગસ્ટમાં જ ૯૦ હજાર કરતા વધારે ભારતીયોને સ્ટુડન્ટ વિઝા, ચાર પૈકી એક ભારતીયને વિઝા આપવામાં આવ્યાં છે. બદલાતા સમયની સાથોસાથ અમેરિકા જવાનો ક્રેઝ ભારતીયોમાં જબરો વધી રહ્યો છે. અમેરિકા દ્વારા વર્ષ ૨૦૨૩માં ભારતીયોને આપવામાં આવેલા વિઝાનો આંકડો ૧૦ લાખને વટાવી ગયો છે. ભારતીયોમાં અમેરિકન વિઝાની અને ખાસ કરીને સ્ટુડન્ટ વિઝાની જબરદસ્ત રહી છે. ભારત ખાતેનાં રાજદૂત એરિક ગાસેટી દિલ્હી ખાતેનાં યુએસ મિશન પહોંચ્યા હતા અને વિઝા આપવાની કાર્યવાહીનું નિરીક્ષણ કર્યું હતું.

તેમણે વિઝા મેળવવા માંગતા અરજદારોને મદદ કરી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. રાજદૂત એરિક ગાર્મેટીએ ભારતીયોને આપવામાં આવેલા વધુ વિઝા અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. કોન્સ્યુલર ટીમ સાથે કામ કરીને તેમણે ખુશી વ્યક્ત કરી હતી. ભારતીયોમાં અમેરિકાનાં ક્રેઝ સતત રહ્યો છે. જે એના પરથી પુરવાર થાય છે કે જુલાઈ અને ઓગસ્ટ એમ બે મહિનામાં જ ૯૦,૦૦૦ ભારતીયોને સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા છે. અમેરિકાએ આખા વિશ્વને આપેલા કુલ વિઝામાં દર ૪ પૈકી એક વિઝા ભારતીય વિદ્યાર્થીને આપ્યો છે. એરિક ગાર્સટીએ કહ્યું કે અત્યાર સુધીમાં પહેલીવાર એવું બન્યું છે કે પર્યટન વિઝા પર અમેરિકા જનાર લોકોનાં વિઝા ઈન્ટરવ્યૂમાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે. કદાચ વિઝા મળવામાં વિલંબને કારણ આવું થયું હોવાનો પણ અંદાજ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પાસપોર્ટ એક્ટના ઉલ્લંઘન-માનવતસ્કરી મામલે કાર્યવાહી

# દેશના ૧૦ રાજ્યોમાં એનઆઈએના દરોડા

## જમ્મુ-કાશ્મીરથી લઈને તમિલનાડુ સુધી દરોડા, ગુવાહાટીમાં નકલી ડોક્યુમેન્ટ બનાવવા મામલે કાર્યવાહી હાથ ધરાઈ

નવી દિલ્હી, તા.૮

રાષ્ટ્રીય તપાસ એજન્સી એનઆઈએએ આજે જમ્મુ-કાશ્મીરથી લઈને તમિલનાડુ સુધી દરોડા પાડ્યા છે. એનઆઈએની ટીમ જમ્મુ અને સાંબા શહેરમાં ઘણા સ્થળોએ દરોડા પાડી રહી છે. ઉપરાંત આસામના ગુવાહાટીમાં પણ કાર્યવાહી કરવામાં આવી છે. ગુવાહાટીમાં નકલી ડોક્યુમેન્ટ બનાવવા મામલે એનઆઈએના અધિકારીઓ દરોડા પાડી રહ્યા છે. એનઆઈએ કુલ ૧૦ રાજ્યોમાં દરોડા પાડ્યા હોવાના અહેવાલો મળ્યા છે. એજન્સીએ માનવ તસ્કરી મામલે દરોડા પાડ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે.મીડિયા અહેવાલો મુજબ માનવ તસ્કરી મામલે એનઆઈએએ જે રાજ્યોમાં દરોડા પાડ્યા છે, જેમાં ત્રિપુરા, આસામ, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, હરિયાણા, પુડુચેરી, રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરનો સમાવેસ થાય છે. આમાંથી મોટાભાગના રાજ્યો એવા છે, જેની સરહદ પડોશી દેશને અડીને આવેલી છે. ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, આસામની સરહદો બાંગ્લાદેશને અડીને આવેલી છે, જ્યારે જમ્મુ-કાશ્મીરની સરહદો પડોશી દેશ પાકિસ્તાનને અડીને આવેલી છે. અહેવાલો મુજબ એનઆઈએની ટીમે જમ્મુ અને સાંબામાં ઘણા દરોડા પાડ્યા બાદ મ્યાનમારના એક રોહિંગ્યા મુસ્લિમની ધરપકડ કરી છે. આ બંને શહેરોના ઘણા વિસ્તારોમાં દરોડા પડાયા છે. અધિકારીઓએ જણાવ્યું કે, મ્યાનમારના લોકો જે શહેરોમાં રહે છે, ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. એનઆઈએની ટીમ પાસપોર્ટ એક્ટનું ઉલ્લંઘન અને માનવ તસ્કરી સંબંધિત મામલે દરોડાની કાર્યવાહી કરી રહી છે. ટીમે જમ્મુના ભઢિંડી વિસ્તારમાં જફર આલમ નામના એક વ્યક્તિની ધરપકડ કરી છે.

# બગસરાનાં સહકારી અને રાજકીય આગેવાન રશ્વિનભાઈ ડોડીઆનાં જન્મદિવસની ઉજવણી કરાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરાના રાજકીય તેમજ સહકારી ક્ષેત્રના આગેવાન તેમજ સમસ્ત વાંઝા જ્ઞાતિ સમાજનું ઘરેણું અને અખિલ ભારતીય હિતવર્ધક મંડળના પ્રમુખ તેમજ બગસરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તેમજ બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન અને બગસરા વાંજા જ્ઞાતિ સમાજના પ્રમુખ રનિભાઈ ડોડીઆનો આજે જન્મદિવસ છે. ત્યારે વિશાળ મિત્રવર્ગ ધરાવતા તેમના મિત્રો દ્વારા રનિભાઈ ડોડીયાની રાજકીય તેમજ સહકારી પ્રવુતિ ઉપર નજર નાખીયે તો આજથી ચાલીસ વર્ષ પહેલાં તેમણે પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરેલ અને બગસરા નગર પંચાયતમા જનસંઘીના દિવડાના સિમ્બોલ ઉપર ચૂંટણી લડી પંચાયતમાં સભ્ય બનેલા. ત્યાર પછી બગસરા નગરપાલિકા બનતા તેમાં તેમને ભાજપ પક્ષમાંથી અનેક વખત ચૂંટણી લડી જંગી બહુમતીથી ચૂંટાઈ આવેલ અને બગસરા પાલિકામાં સતત ત્રણ વખત પ્રમુખ બનેલા તેમજ બગસરામા પ્રથમ વખત એક ઐતિહાસિક રાજકીય ઘટના બનેલ જેમાં ભારતીય જનતાપક્ષે એક જ પરિવારમાંથી પાલિકાની ચૂંટણીમાં ત્રણ જણાને ટીકીટ આપેલ. જેમાં રનિભાઈ, શ્રીમતી કુશુમબેન તેમજ તેમના પુત્ર નિતેષ ડોડીઆને ભાજપના સિમ્બોલ ઉપર ચૂંટણી લડાવી હતી તે ચૂંટણીમાં જંગી બહુમતીથી એકજ પરિવારના ત્રણ સભ્યો ચૂંટાઈ આવેલા અને કુશુમબેન પાલિકા પ્રમુખ બનતા તેમને કાયમી અટલજીનું નામ સદાય બગસરા અને તાલુકામાં યાદગાર રહે તે માટે બગસરાના લોકોને અટલીજી પાર્ક બનાવી આપેલ અને તેમનું લોકાર્પણ પૂર્વ કૃષિમંત્રી દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરવામાં આવેલ. આવી રીતે રનિભાઈ ડોડીઆએ પોતાની રાજકીય શરૂઆત કરેલ અને અમરેલી જિલ્લા ભાજપના ઉપ પ્રમુખ તરીકે પણ પોતાની સેવા આપેલ જયારે તેમની સહકારી પ્રવુતિ ઉપર નજર નાખીયે તો સ્વ. અરવિંદભાઈ મણિયારના સ્વપ્નાને સાકાર કરવા માટે તેમને આજથી ૩૯ વર્ષ પહેલાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સ્થાપના કરેલ અને મંડળીની શરૂઆત એક પતરાના ટેબલ અને એક પતરાની ખુરશીથી ચાલુ કરેલ. ત્યારે ચેરમેન આવે તો એમ.ડી. ખુરશી ઉપરથી ઉભા થઈને તે ખુરશી ચેરમેનને બેસવા માટે આપે ધીરે ધીરે મંડળી પ્રગતિના શિખરો સર કરીને ગુજરાતમાં અનેક જગ્યાએ પોતાની શાખાઓ શરૂ કરેલ અને છેવાડાના માનવીને સહકારથી સમૃધ્ધિ તરફ લઈ ગયેલા અને થોડા જ મહિનાઓ પહેલા તેમની મંડળીને સહકારી પ્રવૃત્તિને ધ્યાન લઈને તેમને શ્રેષ્ઠ સહકારી એવોર્ડ રાજકોટ ખાતે મળેલ અને બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીમાં ૪૦ વર્ષથી બિનહરીફ ચેરમેન તરીકે ચૂંટાઈ આવે છે જે એક ઐતિહાસિક સીધી કહેવાય તેમજ તેમની તેમના જ્ઞાતિ સમાજ માટેની સેવા પર નજર નાખીએ તો સમસ્ત વાંજા જ્ઞાતિ સમાજનું ઘરેણું અને અખિલ ભારતીય હિતવર્ધક મંડળના પ્રમુખ તેમજ બગસરા વાંજા જ્ઞાતિ સમાજના પ્રમુખ તરીકે પોતાની સેવા આપી રહ્યા છે તેમજ બગસરામાં આજે તેનો જન્મદિવસ મનાવવા માટે ગામના આગેવાનો રાજકીય આગેવાનો, અધિકારીઓ જ્ઞાતિજનો નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, વિવિધ સંસ્થાઓ, પત્રકાર મિત્રો ઉપસ્થિત રહી અને કેક કાપી તેમનો જન્મદિવસ ધામધૂમથી મનાવવામાં આવ્યો હતો. નગરપાલિકાના પૂર્વ પ્રમુખ એ.વી. રીબડીયાએ જન્મદિવસ પ્રસંગે ઉદ્બોધનમાં કહેલ કે હાલમાં હું જે સ્ટેન્ડ ઉપર છું તે રશ્વિીન ડોડીઆને હિસાબે છું કારણ કે પ્રથમવાર બગસરામાં રશ્વિનભાઈ ડોડીઆએ મારી પકડી હતી અને રાજકારણનો ર શીખડાવ્યો હતો. ત્યારથી આજદિન સુધી રશ્વિનભાઈ ડોડીઆને હું કયારેય પણ ભૂલી શકું નહીં. બગસરા વાસીઓ દ્વારા રનિભાઈ ડોડીઆના પરિવારને એક જ સ્ટેજ ઉપર બેસાડી તેનું ભવ્યથી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## ઉનાનાં દેલવાડા નજીકથી

જજની કોર્ટ દ્વારા વિવિધ કલમોને ધ્યાને લઈ ગત તા. ૨૭/૦૩/૨૦૨૩ ના રોજ દસ વર્ષની સખ્ત કેદની સજા તથા ૫ હજારનો રોકડ દંડ અને દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ફટકારવામાં આવેલ હોય અને આ આરોપી જામીન પર મુકત થતા સજા થયા બાદ કોર્ટમાં રજુ થયેલ ન હોય અને છેલ્લા સાતેક માસથી ફરાર હોય. જેને ધ્યાને લઈ ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમને બાતમી મળતા ઉનાના દેલવાડા ગામ નજીકથી ઝડપી પાડી જેલ હવાલે કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીની ભાગોળે આવેલ

હોય ગમે ત્યારે, અકસ્માતની શકયતાઓ હોય નેશનલ હાઈવે વિભાગનાં અધિકારીઓ યુધ્ધનાં ધોરણે સર્વે કરીને પુલની મરામત કરે અથવા તો નવા પુલનું નિર્માણ કરે તેવી માંગ ઉભી થઈ રહી છે.

અમરેલીની ભાગોળે આવેલ બન્ને પુલ છેલ્લા એક દાયકાથી બિસ્માર અવસ્થામાં છે. શહેર હાઈવે વિભાગ પાસેથી આ બન્ને પુલ જો માર્ગ પર આવેલ છે. તે બન્ને માર્ગની જાળ વણી હવે નેશનલ હાઈવે વિભાગ પાસે હોવાનું જાણવા મળેલ છે.

જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ આ બાબતે ગંભીરતા ન દાખવે અને કોઈ અકસ્માતની ઘટના બનશે તો જવાબદારી કોની રહેશે તેવો પ્રશ્ન વાહનચાલકોમાંથી ઉભો થઈ રહ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી એરપોર્ટનો

૧૨૦૦ મીટરનો હોવાથી અહીં નાના વિમાનો જ લેન્ડ થઈ શકે છે એટલે રનવેની લંબાઈ વધારવી ખૂબ જ જરૂરી છે. એમની રજૂઆત સંદર્ભે સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગ ધ્વારા આ રનવેની લંબાઈ ૨૫૦૦ મીટર કરવાની મંજૂરી આપી દેવામાં આવી હોવાથી હવે ભવિષ્યમાં અહી મોટા વિમાનોનું ઉતરાણ પણ શકય બનતા જિલ્લાની જનતાને તેનો સીધો લાભ મળશે.

ગુજરાત સરકારના ઉડ્ડયન વિભાગ ધ્વારા રનવે વધારવા બાબતે જરૂરી જમીનની માપણી કરવા તથા જમીનનું સંપાદન કરવાની કામગીરી પૂર્ણ કરવા અમરેલી કલેકટરને જરૂરી હુકમો પણ કરી દેવાતા આગામી દિવસોમાં આ જમીનની માપણી અને જમીનનું સંપાદન કાર્ય પૂર્ણ કરી રનવે લંબાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૯ | ૧૪૭૧ |
| ૨ | મગફળી | ૧૧૪૩ | ૧૨૬૧ |
| ૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૮૧ |
| ૪ | તલ સફેદ | ૩૩૦૧ | ૩૩૦૧ |
| ૫ | સોયાબીન | ૯૨૧ | ૯૩૧ |
| ૬ | અડદ | ૧૮૨૬ | ૧૮૨૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૯૧ |
| ૨ | શિંગ મોટી | ૯૫૧ | ૧૩૫૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૫૦ | ૩૫૯૦ |
| ૪ | તલ કાળા | ૨૭૯૦ | ૩૪૦૦ |
| ૫ | બાજરો | ૩૪૦ | ૪૩૯ |
| ૬ | જુવાર | ૬૩૦ | ૧૧૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૬૯ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૨૯ |
| ૯ | મકાઈ | ૩૦૨ | ૬૪૧ |
| ૧૦ | મગ | ૧૨૦૦ | ૧૮૭૨ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૯૪૦ |
| ૧૨ | ચણા | ૭૧૦ | ૧૨૫૨ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૨૦૬૦ |
| ૧૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૮ |
| ૧૫ | એરંડા | ૭૦૧ | ૧૦૮૯ |
| ૧૬ | રાયડો | ૯૨૦ | ૯૨૦ |
| ૧૭ | રાય | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૮ | ગમ ગુવાર | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૯ | ધાણા | ૮૦૦ | ૧૪૨૫ |
| ૨૦ | મેથી | ૯૨૦ | ૧૨૬૫ |
| ૨૧ | સોયાબીન | ૭૦૦ | ૯૭૬ |
| ૨૨ | રજકાનું બી | ૨૦૯૦ | ૪૭૭૫ |

## ઈન્ટેલિજન્સ એજન્સીના અધિકારીનો દાવો

# ભારતમાં આતંકી પ્રવૃત્તિને અંજામ આપવા પન્નુને ISI એ ૬૦ હજાર ડોલર આપ્યા

નવી દિલ્હી, તા.૮

પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ (આઈએસઆઈ) એ ખાલિસ્તાની આતંકી ગુરુપતવંત સિંહ પન્નુ ને ભારતમાં આતંકી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે ૬૦ હજાર ડૉલર આપ્યા છે. આ ડીલ અમુક દિવસ પહેલાં કેનેડામાં પાક. હાઈ કમીશન નજીક એક હોટેલમાં આઈએસઆઈના અધિકારીઓ સાથે થઈ હોવાનો દાવો કરાયો છે.

ભારતીય કરન્સી અનુસાર આ રકમ ૫૦ લાખ, ૪૦ હજાર જેટલી થાય છે. ઈન્ટેલિજન્સ એજન્સીના એક અધિકારીએ કહ્યું કે આતંકી પન્નુ હવે આ રકમથી ખાસ કરીને પંજાબમાં તેના સાગરીતોની મદદથી કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની તાકમાં છે. આ મામલે સુરક્ષા એજન્સીએ તમામ રિપોર્ટ તૈયાર કરી કેન્દ્રની ઈન્ટેલિજન્સ એજન્સીને મોકલી દીધા છે.

જોકે આ અહેવાલ સામે આવતા જ પોલીસે પંજાબ એરપોર્ટની સુરક્ષા વધારી દીધી છે. ખાસ કરીને શ્રી ગુરુ રામદાસજી આંતરરાષ્ટ્રીય એરપોર્ટને સીઆઈએસએસ અને પંજાબ પોલીસના જવાનોએ ચારેકોરથી કબજામાં લઈ લીધો છે. શંકાસ્પદ લોકોની અટકાયત કરીને તપાસ કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ આતંકી પન્નુએ એક વીડિયો જાહેર કરીને ૧૯ નવેમ્બરે એર ઈન્ડિયામાં મુસાફરી કરનારા લોકોને ચેતવણી આપી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરા : મોબાઈલ ચોરીનાં

૧૧,૯૯૦ નો કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય. જે અંગે કરશનભાઈ દ્વારા ઈ–એફઆઈઆર દાખલ કરાવેલ હોય જે ઈ–એફઆઈઆર અંગે ખરાઈ કરી, તેના પરથી બગસરા પોલીસ સ્ટેશનમાં ગુનો રજી. કરવામાં આવેલ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે એલ.સી.બી. ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બગસરા–જેતપુર રોડ ઉપરથી અનિભાઈ બાબુભાઈ ભુત, (રહે. સાપર)ને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી અને તેમની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન મળી આવતા, પકડાયેલ ઈસમને ચોરીના મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૬૫ | ૧૫૨૫ |
| ૨ | મગફળી | ૧૧૭૬ | ૧૨૪૪ |
| ૩ | તલ સફેદ | ૨૬૮૦ | ૩૨૬૦ |
| ૪ | મગ | ૧૫૮૦ | ૧૯૦૦ |
| ૫ | કાળા તલ | ૨૫૯૦ | ૩૨૦૦ |
| ૬ | ઘઉં | ૪૬૦ | ૫૬૦ |
| ૭ | ચણા | ૯૬૦ | ૧૧૫૦ |
| ૮ | સોયાબીન | ૮૮૫ | ૯૪૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૮ | ૧૨૩૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૧૧ |
| ૩ | તલ સફેદ | ૩૨૦૦ | ૩૪૨૫ |
| ૪ | તલ કાળા | ૩૧૫૦ | ૩૪૮૦ |
| ૫ | જીરૂ | ૮૭૦૦ | – |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૮ | ૫૮૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૬૯ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૩૦ |
| ૧૦ | જુવાર | ૮૩૮ | ૧૨૦૦ |
| ૧૧ | મકાઈ | ૩૫૦ | ૬૦૦ |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | ૧૪૯૫ |
| ૧૩ | ચણા | ૯૫૦ | ૧૨૨૦ |
| ૧૪ | સોયાબીન | ૮૩૦ | ૯૭૫ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૧૭૫૦ |
| ૧૬ | ધાણા | – | ૧૨૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## તાલાળી ગામની સીમમાં

તાલાળી ગામે પીપળવાળી સીમમાં આવેલ સંકેતભાઈ મનસુખભાઈ દુધાતની વાડીએ પાણીની મોટર કાઢવા માટે ગયેલ હતા. ત્યારે કામકાજ સબબ આરોપી તથા તેમના પત્નિ રાધાબેન વચ્ચે ઝગડો થતાં પતિએ પોતાની પત્નિને માથાની પાછળનાં ભાગે મરણતોલ માર મારી હેમરેજ જેવી ઈજા કરેલ હતી.

આ બનાવ બાદ આરોપી શંકરભાઈએ પોતાની પત્નિ મરી જશે તેમ લાગતા પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું પણ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં નાના માચીયાળા ગામે

ટેબલેટ આપવામાં આવ્યા હતા.

ડિજિટલ શિક્ષણનાં યુગમાં છેવાડાનાં વિસ્તારના વિદ્યાર્થી પણ ગુણવતાસભર શિક્ષણ મેળવે અને વિશ્વની તોલે ઉભા રહે તેના માટે આ ટેબલેટ ઉપયોગી થશે. આ પ્રસંગે મિશન સ્કુલ ઓફ એકસલન્સ અંતર્ગત 'જ્ઞાનકુંજ' અન્વયે ફાળવવામાં આવેલા ૩ સ્માર્ટ બોર્ડનું નાયબ મુખ્ય દંડકના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, શાળાના આચાર્ય, શિક્ષકો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયાં હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## ભ્રષ્ટાચાર ન કરવા શપથ લીધા

લઈ શપથ લેવડાવવામાં આવ્યા હતા. જેમાં જણાવાયું હતુ કે, અમે માનીએ છીએ કે ભ્રષ્ટાચારે દેશની આર્થિક, રાજકીય અને સામાજિક પ્રગતિમાં મોટો અવરોધ છે અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે સરકાર, નાગરિકો અને ખાનગી ક્ષેત્ર જેવા તમામ સંબંધિત પક્ષોને સામેલ કરવાની જરૂર છે અને આ તમામે સાથે મળીને કામ કરવાની જરૂર છે. આપણે માનીએ છીએ કે દરેક નાગરિકે જાગૃત રહેવું જોઈએ અને હંમેશા પ્રમાણિકતા અને અખંડિતતાના સર્વોચ્ચ ધોરણો જાળવવા જોઈએ. તમને નાગરિકે ભ્રષ્ટાચાર સામેની લડાઈ માટે પ્રતિબદ્ધ અને સમર્થન આપવું જોઈએ. તેથી, કરાર એ જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રમાણિકતા અને કાયદાના નિયમોનું પાલન કરશે, ન તો લાંચ લેશે કે ન આપશે, તમામ કામ પ્રમાણિકતાથી અને પારદર્શક રીતે કરશે, જાહેર હિતમાં કામ કરશે, અમે મારા અંગત વર્તનમાં પ્રામાણિકતા દર્શાવીને એક ઉદાહરણ સ્થાપિત કરીશું, અમે ભ્રષ્ટાચારની કોઈપણ ઘટનાની જાણ જે તે વિભાગના અધિકારીઓને કરીશું સહિતના શપથ ગીર ગઢડા પી.એસ.આઈ.એ ગીર ગઢડા પોલીસ મથકના કમ્પાઉન્ડમાં પોલીસ સ્ટાફ, ગ્રામજનો અને વિદ્યાર્થીઓને લેવડાવ્યા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૦૩૩ | ૧૩૦૬ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૪૬ |
| ૪ | ચણા | ૧૦૭૫ | ૧૩૧૫ |
| ૫ | ધાણા | ૯૫૦ | ૧૩૫૦ |
| ૬ | સફેદ ચણા | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૭ | બાજરો | ૪૨૦ | ૪૨૦ |
| ૮ | સોયાબીન | ૭૯૧ | ૯૪૫ |
| ૯ | મેથી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૦ | જુવાર | ૫૦૫ | ૫૦૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૫ |
| ૨ | ચણા | ૧૦૩૦ | ૧૨૧૦ |
| ૩ | ચણા સફેદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૪ | સોયાબીન | ૮૫૦ | ૯૩૬ |
| ૫ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૨૩૩ |
| ૬ | મગફળી | ૧૦૪૫ | ૧૩૦૦ |
| ૭ | મગ | ૧૬૫૨ | ૧૬૫૨ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૭૦ |
| ૯ | જુવાર | ૭૭૫ | ૧૨૨૦ |
| ૧૦ | અડદ | ૭૫૦ | ૧૭૦૦ |
| ૧૧ | ધાણા | ૧૦૧૦ | ૧૨૪૫ |
| ૧૨ | મેથી | ૧૧૦૦ | ૧૧૧૫ |
| ૧૩ | તુવેર | ૭૦૦ | ૧૭૫૦ |
| ૧૪ | લસણ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ૧૫ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાના શહેરીજનો ધોકો નહી

રિબડીયા, નગરપાલીકા ચીફ ઓફિસર, નગરપાલિકાના ચૂંટાયેલ સભ્યઓ, સર્વપક્ષીય આગેવાનો, વેપારી સંસ્થાઓ, ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી મહામંડળ ,કરીયાણા એશો., તેમજ સામાજીક સંસ્થાના પ્રતિનિધિની ઉપસ્થિતિમા દિવાળી પર્વ બાદ બેસતા વર્ષનો ધોકો નહી રાખવા અને તા. ૧૩/૧૧/૨૩ ને સોમવારના રોજ બેસતુ વર્ષ ઉજવવા સર્વાનુમતે નિર્ણય લેવામા આવ્યો.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં લક્ષ્મીનારાયણ મંદિરથી

લઈ લાભ પાંચમ સુધી ભવ્ય રોશની મહોત્સવનું આયોજન કરેલ છે. લક્ષ્મીનારાયણ મંદિરથી લઈ પરશુરામ ધામ મંદિર સુધીના માર્ગને રોશની લાઈટ, રોશની ગેટ, ટ્રી રોશની, સિરીઝ રોશની, સ્ટાર રોશની જેવા વિવિધ ઈલેકિટ્રક ઉપકરણો દ્વારા ઝળહળતો બનાવી આવતા નૂતન વર્ષને ઝગમગાટ ભરી રોશનીથી વધાવીએ સાથે સાથે અમરેલીને રોશની ભર્યુ બનાવવા માટે આપ સૌ નાગરિકોને વિનંતી છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની 'લોકલ ફોર વોકલ' અપીલને સાર્થક કરવા મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિયેશન આપ સૌને અમરેલીના વેપારીઓને સહયોગ આપવા આપની ખરીદી લોકલ લેવલે કરવા આપને અનુરોધ કરે છે. સાથે સાથે દીપાવલીના રોજ સાંજે ૭ કલાક થી લઈ ૧૧ કલાક સુધીમાં રોશની નિહાળવા તેમજ મોટા બસ સ્ટેન્ડ ચોકમાં આયોજિત મનોરંજન કાર્યક્રમમાં પરિવાર સહિત પધારવા મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિયેશને અનુરોધ કરેલ છે.


## વિવાદી જમીન અંગે જાહેર સુચના

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ **અશોકભાઈ જે. જોષી રે. અમરેલી** અમારા **અસીલ દિલીપભાઈ આપાભાઈ ધાણક રે.એ. ૧૦૨, ગ્રાઉન્ડ ફલોર, પાર્ક વિલા, પંચાલનગર, નાલાસોપારા વેસ્ટ, પાલઘર ૪૦૧૨૦૩, થાણા,** વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા–વળગતાને જણાવવામાં આવે છે કે,

અમરેલી જિલ્લાના જાળીયા મુકામે સીમતળની ખેતીની જમીન સર્વે નં. ૭૨ પૈકી ૧૭ એકર, ૩૦ ગુઠા ખેતીની જમીનનો અમરેલી કોર્ટમાં વિવાદી કેસ ચાલે છે, મારા અસીલનો એમાં માલીકી રૂઈએ હિસ્સો–વહીવટ રહેલો છે. તેઓની સંમતિ અને પરવાનગી વગર કોઈ ત્રીજા વ્યકિતએ આ જમીન પર કોઈપણ પ્રકારનો વ્યવહાર, કરાર, લીઝ, ભાડેપટ્ટે, લાઈસન્સ વિગેરે બાબતે કોઈપણ વ્યવહાર કરવો નહીં. તેમ છતાં જો કોઈ વ્યકિત/ઈસમ આવો કોઈ વ્યવહાર કરશો તો તેની જવાબદારી તેમની પોતાની રહેશે. અમારા અસીલની કોઈ જવાબદારી રહેશે નહી. એમ છતાં કોઈ વ્યકિત/ઈસમ આવો કોઈ વ્યવહાર કરશે તો તેમની ઉપર સિવિલ તથા ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, અને તેમનો તમામ ખર્ચ સાથેની જવાબદારી વ્યવહાર કરનારની રહેશે. તેની તમામે નોંધ લેવી.

**અમારા અસીલ મારફત**

**અશોકભાઇ જે. જોષી**


(એડવોકેટ – ગુજરાત હાઇકોર્ટ)

અમરેલી


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૧૩૧૧ |
| ૨ | તલ સફેદ | ૨૬૫૦ | ૩૦૦૦ |
| ૩ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૨ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૧૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૭૬ |
| ૬ | જુવાર | ૯૫૧ | ૧૨૬૯ |
| ૭ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૮ | મગ | ૨૪૦૧ | ૩૦૩૫ |
| ૯ | અજમા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૧૦ | કાંગ | ૧૩૧૦ | ૧૩૧૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૩૫૧ |

# સા.કુંડલાનાં માત્ર આઠ ચોપડી ભણેલ છોકરાએ નામ રોશન કર્યુ






''ટાઈમ ઓન મીડીયા'' ના હેડ મેહુલ પટેલ અને ''હેર ફી''દ્વારા આયોજિત સુરતનાં પ્રતિભાશાળી, વ્યકિતત્વને બીરદાવવાનો એક ખુબ સુંદર ઉપક્રમ '' Surat Infiurncer Appreciation Awards 2023'' અમેઝીયા ફેમીલી કલબ– લાકાસા લ્યુસીડો ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ માં બોલીવુડ અને ગુજરાતી સિનેમાનાં સુપર સ્ટાર હિતેનકુમાર સાથે ચેતન ધાનાણી,પરેશ વોરા, વોઈસ એકટર રાજેશ કવા, ગૌરવ પાસવાલા, આશુ પટેલ, અભિલાષ ધોડા, સોનલ પ્રધાન, દર્શિના બારોટ, ગાયત્રી દવે જેવા ઘણા સેલિબ્રીટી જોડાયાં હતા. હેર ફી ના ડો. પંકજખુંટ, ડો. ચિંતન ભાવસાર, ડો. કિરણ ચોટલીયા, ડો. જિંકલ કુંજડીયા, ડો. મિલન સોજીત્રા, ડો.રીતેશ વેકરીયા, અને સમગ્ર ટીમ દ્વારા ખુબજ સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો. એવોર્ડ ફંકશનમાં એન્કરીંગ, મોડલિંગ, એકિટંગ, કોમેડી, ડાન્સ, મ્યુઝીક, બ્લોગર, બ્યુટી,જવેલરી લાઈફ સ્ટાઈલ,ફીટનેશ જેવી ૧૫ કેટેગરીના ૪૦ જેટલા એવોર્ડ અને ૭૦ જેટલા નોમીનીઝને ઈન્ફલુસર એવોર્ડ અને સર્ટીફીકેટ સાથે ''ઓજીવન'' મેગેઝીન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. હેર ફી દ્વારા તમામ વિજેતાઓને રૂા.૪૦૦૦૦/–નું પેકેજ ફી આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રેડીઓ જોકી ઉત્સવ અને રેડીઓ જોકી પલક દ્વારા સંભાળવામાં આવ્યું હતુ.મુળ સાવરકુંડલાના વતની હરજીભાઈ રવજીભાઈ જયાણી ના પુત્ર એવા બાલમંદિર થી ધો ૮ સુધીનો અભ્યાસ સનરાઈઝ સ્કુલમાં મેળવી આજ દિન સુધી બાપુ સર પ્રતાપભાઈ ખુમાણ ને પોતાના આદર્શ માનતો અને કોઈપણ કામ પુછીને પછી જ આરંભતો.ટાઈમ ઓન મિડિયાના મેહુલ જયાણી દ્વારા ટુંક સમયામાં માત્ર સુરત પુરતું નહી પરંતુ ગુજરાત લેવલ પર આવા કાર્યક્રમો થશે તેની જાહેરાત કરવામાં આવી હતી. આ એવોર્ડ સમારંભ પોતાના વિદ્યાગુરૂ ખુમાણ સાહેબને ખાસ ચીફ ગેસ્ટ તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. બાપુ સર દ્વારા સનરાઈઝ પરિવારનાં હોનહાર યુવાનને આ એવોર્ડ સમારંભમાં રજવાડી પાઘડી પહેરાવી બિરદાવવામાં આવ્યો હતો.

### ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસના બાટલાનું વિતરણ કરાયું

## શેડુભારના ૨૪ પરિવારોને દીવાળીનાં તહેવાર સમયે પારંપારિક ઈંધણથી ચાલતા ચુલ્લાઓથી મૂક્તિ મળી

### મહિલાઓના સ્વાસ્થ્યની કેન્દ્ર સરકારે ચિંતા કરી : નાયબ દંડક વેકરીયા

અમરેલી, તા.૮

ગ્રામીણ અને વંચિત વિસ્તારમાં મહિલાઓના સર્વાંગી વિકાસ અને સ્વાસ્થ્યની ચિંતા કરી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી ઉજજવલા યોજના (PMUY)નો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ મહિલાઓને એલજીપી કનેકશન આપવામાં આવ્યા છે. જેના દ્વારા મહિલાઓ લાકડાં, કોલસો કે ગોબરનો ઉપયોગ કર્યા વગર રસોઈ કરી શકે છે. આ કડીના ભાગરૂપે બુધવારે અમરેલી તાલુકાના શેડુભાર ગામે અમરેલી – વડિયા – કુંકાવાવ મતવિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત વિધાસનભાના નાયબ મુખ્યદંડક, કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ૨૪ મહિલાઓને ઉજજવલા યોજના હેઠળ ગેસના બાટલા, ચુલ્લા અને ગેસ પાઈપનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે નાયબ મુખ્યદંડકએ જણાવ્યું હતું કે, દેશમાં સામાન્ય અને ગરીબ પરિવારોની મહિલાઓને પહેલીવાર ગેસના બાટલાઓ વિતરણ કરવાનો વિચાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો હતો.વડાપ્રધાનએ મહિલાઓના સ્વાસ્થ્યની ચિંતા કરી તેમને પારંપારિક ઈંધણથી કાર્યરત ચુલ્લાઓના વપરાશમાંથી મુક્તિ અપાવી.અગાઉ આ વ્યવસ્થાના લીધે મહિલાઓના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થતી હતી. આજે આ ગેસના ચુલ્લાઓ અને બાટલા મળતા શેડુભારના પરિવારો માંદીવાળી જેવો માહોલ સરકારની યોજનાઓના કારણે આવ્યો છે. શેડુભારમાં અત્યાર સુધીમાં ૧૭૫ કરતાં વધુ પરિવારોને પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાનો લાભ મળ્યો છે ત્યારે ગામના સક્રિય સરપંચ સહિતના આગેવાનોને પણ નાયબ મુખ્યદંડકએ અભિનંદન પાઠવ્યા હતા અને દીવાળીની શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે નાયબમુખ્ય દંડકએ ગ્રામજનોને રાજય સરકાર અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન, પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન, દેસાઈ, ગામના સરપંચ કુંભાણી, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## માત્ર દૂધથી જ નહીં પરંતુ છાણ અને ગૌમૂત્રમાંથી પણ ગૌપાલકો આર્થિક આવક વધારી શકે છે


ભારતીય સમાજમાં ગાયને માતા કહેવાય છે. ગૌધનથી મોટું કોઈ ધન નથી. ગાયથી અર્થ, ધર્મ, કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થની સિદ્ધિ થાય છે. આજના અર્થપ્રધાન યુગમાં તો ગાય અત્યંત ઉપયોગી છે. ગો–પાલનથી ગાયનું દૂધ, ઘી અને છાણ વગેરેથી ધનની વૃદ્ધિ થાય છે. ગાયો પવિત્ર હોય છે, એના શરીરને સ્પર્શ કરનારી હવા પણ પવિત્ર હોય છે.

ગાયનાં છાણ–મૂત્ર પણ પવિત્ર હોય છે. છાણ દ્વારા લીપેલાં ઘરોમાં પ્લેગ, કોલેરા વગેરે જેવા ભયંકર રોગો થતા નથી. યુદ્ધનાં સમયે ગાયનાં છાણથી લીપેલાં મકાનો પર બોંબની પણ એટલી અસર થતી નથી જેટલી સિમેન્ટ વગેરેથી બનાવેલાં મકાનો પર થાય છે. ગાયનાં છાણમાં ઝેર ખેંચી લેવાની વિશેષ શકિત હોય છે. મનુષ્યને માટે ગાય સર્વ દષ્ટિએ પાળવા યોગ્ય છે.

આજનાં અર્થપ્રધાન યુગમાં દેશી ગાયના દૂધ, દહીં, ઘી તેમજ ગૌમૂત્ર અને ગોબરનો વિશેષ મહિમા છે. માત્ર દૂધથી જ નહીં પરંતુ છાણ અને ગેમૂત્રમાંથી પણ ગૌપાલકો આવક વધારી શકે છે. ગોબરમાંથી બનવામાં આવેલા દીવા આર્થિક દ્રષ્ટિની સાથે સાથે પર્યાવરણને પણ લાભદાયી છે. આ અંતર્ગત દિવાળીની ઉજવણી માટે ગાયના છાણ આધારિત દીવા, મીણબત્તીઓ, ધૂપ, શુભ લાભ, સ્વસ્તિક, હવન સામગ્રી, ભગવાન ગણેશ અને દેવી લક્ષ્મીની મૂર્તિઓનું નિર્માણ કરી શકાય છે.

**ગોબર દિવડા જ શા માટે ?**

– દેશી ગાયોના ગોબરમાંથી બનેલા દિવડા વાતાવરણને શુદ્ધ અને પવિત્ર કરવાનું કામ કરે છે.



– ગોમય દિવડા દેશી ગાયના ઘી સાથે પ્રગટાવવાથી વાતાવરણમાં આકિસજનનું પ્રમાણ વધી જાય છે.

– ગોમય દિવડાની ભસ્મ પાણીમાં નાખવાથી પાણી બેકટેરિયા રહિત બને છે.

– ગોમય ભસ્મ અનેક રીતે લાભદાયી છે. તે એક ઉત્તમ ખાતર છે જેને ખેતર અને વાડીમાં ઉપયોગમાં લઈ શકાય છે. – ગૌશાળા આત્મનિર્ભર બને છે.

– ગોમયે વસતે લક્ષ્મી ધર્મ શાસ્ત્ર અનુસાર પવિત્ર ગોબરમાં લક્ષ્મીજીનો નિવાસ છે, તે ઉર્જાનો ભંડાર છે, નેગેટિવિટી દૂર કરે છે અને રોગાણુઓથી બચાવે છે.

– ગાયનું ગોબર રેડિએશનથી સુરક્ષિત રાખે છે.

– ચાઈનીઝ અને રસાયણો ધરાવતા હાનિકારક દીવાઓનો ઉપયોગ બંધ થશે, ઈકો ફ્રેન્ડલી દીવાનો ઉપયોગ વધશે.

– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈન્ડિયા અને 'સ્ટાર્ટ–અપઅભિયાન' ને વેગ મળશે.

– ગોમય દિવડા બનાવતા આત્મનિર્ભર ભારત અભિયાન, મહિલા સશકિતકરણના વિઝનને પણ પ્રોત્સાહન મળશે.

–આવો ઉજવીએ ભારતીય સંસ્કૃતિનું પ્રકાશ પર્વ દિપાવલી, ગૌમાતાના આશીર્વાદ સાથે પ્રગટાવીએ પવિત્ર ગોબર દિવડા.

**– મિતલ ખેતાણી**
**(૯૮૨૪૨૨૧૯૯૯)**

### ટ્રસ્ટીઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં

## વડિયાનાં સરદાર પટેલ વિદ્યાલયમાં 'બાય બાય' નવરાત્રિની ઉજવણી

### બાળકોને પ્રોત્સાહિત કરવા વાલીઓ પણ ઉપસ્થિત રહ્યાં



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડીયા

વડિયા, તા.૮

વડીયા સરદાર પટેલ વિદ્યાલયમાં બાય બા નવરાત્રી ઉજવાઈ જેમાં અતીથી વિષેશ સરદાર પટેલ વિદ્યાલયના હંમેશ માર્ગદર્શક એવા મનોજભાઈ દવે તેમજ ભુપેન્દ્રભાઈ નરભેરામભાઈ કલ્યાણી હતા શાળાનાં ટ્રસ્ટી કાંતાબેન કાંતિલાલ ગણાત્રાએ દીપ પ્રાગટય અને માતાજીની આરતી કરીને કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. જેમાં પ્રિફર્સ્ટથી લઈને ધોરણ ૩ ની માતાજીએ પહેલો રાસ લીધો હતો. ત્યારબાદ તેજ નાના માતાજીએ ટીટોડાનો રાસ લીધો હતો. નાના માતાજીએ બધા ના મન જીતી લીધા હતા. ત્યારબાદ પ્રિફસ્ટથી લઈને ધોરણ ૩ નાં ભૂલકાઓનો સમુહ રાસ સમુહ રાસ બાદ નાના નાના ભૂલકાઓએ સ્ટેપ રાસ અને મુંબઈથી ગાડી આવી રાસ લઈને સૌના દિલ જીતી લીધા હતા.

ત્યારબાદ ધોરણ–૪ થી ૭ ના માતાજીએ ગાગર રાસ લીધા ત્યારબાદ માતાજીએ ડાકલા રાસ લઈને સાક્ષાત માતાજીના દર્શન કરાવ્યા હતા. ત્યારબાદ ધોરણ ૪ થી ૮ નાં બાળકો નવી નવી સ્ટાઈલમાં સમુહ રાસ લીધો હતો. સાથે સાથે સરદાર પટેલ વિદ્યાલયના શિક્ષક બહેનો પણ સાથે સાથે સમુહ રાસ લીધો હતો. મોટા બાળકો પણ કેમ રહી જાય એમને તો ગ્રૂપ બનાવીને ટીટોડો અને સ્ટેપ રાસ લઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા તેમજ ભૂતપુર્વ વિદ્યાર્થી વસોયા યુગ, વઘાસીયા અંશ, અને રાદડીયા કીર્તન આગવી આેળ ખાણથી ભારત દેશ વિષે સ્પીચ આપી હતી. ને ભૂતપુર્વ વિદ્યાર્થીની ઠુંમર ચાર્મી, ઢોલરીયા ક્રિષ્ના, ઢોલરીયા નેન્સી, તમામ બાળકોને તૈયાર કરીને શાળાનું ગૌરવ વધાર્યુ હતું. બાળકોને પ્રોત્સાહિત કરવા માટે મોટી સંખ્યામાં વાલીઓ પણ હાજર રહીને મન મુકીને ગરબે રમ્યા હતા. તેમજ આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં તનતોડ મહેનત કરી એવા શાળાનાં સંચાલક હેતલબેન સાદરણીને ટ્રસ્ટી શીતલબેન ગણાત્રા અને તમામ શિક્ષક સ્ટાફ રીમાબેન પંડયા, રીચાબેન પંડયા, ધર્મિષ્ટાબેન લાખાણી, રશ્મિબેન રાખોલીયા, મોનાબેન ઉનડકટ, અમિષાબેન ડોબરીયા, જેનશીબેન સાવલિયા, નિધિબેન પરમાર, ક્રિષ્નાબેન પીઠવા, વર્ષાબેન પાનસુરીયા, અને બધા વાલીને બાળકોને જાતે મહેનત કરી પાણીપુરીનો પ્રસાદ જમાડયા એવા ભવ્ય સાદરાણી, પરેશભાઈ સાદરાણી, ભરતભાઈ ગોંડલીયા, આભાર વિધિ શાળાનાં ટ્રસ્ટી મિતુલભાઈ ગણાત્રા કરીને કાર્યક્રમ પુર્ણ કરેલ હતો.

## લીલીયા તાલુકામાં સરકારમાંથી ૧૫ તલાટીની નિમણુંક થતા સરકારનો આભાર માન્યો

લીલીયા, તા.૮, લીલીયા તાલુકામાં ગત તારીખ ૭/૧૦/૨૦૨૩ ના રોજ લીલીયા તાલુકા પંચાયત કચેરી ખાતે ૧૫ તલાટી કમ મંત્રીની નિમણુંક તથા સેજા ફાળ વણી કરવામાં આવેલ આ જગ્યા ભરવા માટે વિસ્તારના જિલ્લા પંચાયત સદસ્યા રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયા, વિપુલભાઈ એમ દુધાત, તાલુકા પંચાયત સદસ્યો દ્વારા તલાટી મંત્રી વગર પરેશાન થતી જનતા વિશે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા નું ધ્યાન દોરતાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સરકારમાં અસરકારક રજૂઆત કરી.લીલીયા તાલુકામાં ૧૫ તલાટી મંત્રીની ફાળવણી કરવામાં આવેલ જેને લઈને તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી જીગ્નેશ સાવજ,ગૌતમભાઈ વિછીયા, તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન કે.નાકરાણી ,ન્યાય સમિતિના ચેરમેન શ્વેતાબેન હેલૈયા, તેમજ તાલુકા પંચાયત સદસ્યો દ્વારા ગુજરાત સરકારનો આભાર માનેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.


એક અહેસાસ સંપૂર્ણ કેળવણીનો

શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ ફોર સાયન્સ – અમરેલી

ઉજ્જવળ પરિણામ આપતી એકમાત્ર સંસ્થા

અમારા પરિણામ એ જ અમારી વિશેષતા...



જોગાણી ધર્મેશ



વઘાસીયા હિરેન



મોવલીયા રાજ

ADMISSION OPEN

- JEE/NEET સાથે Gujcet ની સંપૂર્ણ ૧૦૦% તૈયારી એ પણ નિઃશૂલ્ક
- સાયન્સ લેબ અને ડિજીટલ સ્માર્ટ કલાસની અત્યાધુનિક સુવિધા
- વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે આધુનિક રમત-ગમતના મેદાનો
- વિકલી અને યુનિટ વાઈઝ મંથલી ટેસ્ટ દ્વારા સતત મૂલ્યાંકન
- ધો. ૧૧ માં રૂા. ૧૫ હજાર અને ધો. ૧૨ માં રૂા. ૩૫ હજાર શીષ્યવૃત્તિનો લાભ
- કાર્યશીલ મેનેજમેન્ટ ટીમની સતત દેખરેખ

: સ્કૂલ કાર્યક્ષેત્ર :
બાલમંદિરથી ધો. ૧ અને ૧૨
સાયન્સ, કોમર્સ, આર્ટસ

: હોસ્ટેલ કાર્યક્ષેત્ર :
ધો. ૪ અને ૧૨
ભાઈઓ અને બહેનો માટે
અલગ-અલગ હોસ્ટેલ સુવિધા
ઉપલબ્ધ

: સ્થળ :
વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી. ૩૬૫૬૦૧
એડમિશન હેલ્પલાઈન નં. ૯૪૨૮૨ ૩૫૩૩૫, (૦૨૭૯૨) ૨૩૦૫૧૧, ૬૧૧, ૭૧૧


### બિહારના મુખ્યમંત્રીએ વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું

## મહિલાઓ પર વિવાદાસ્પદ ટિપ્પણી બદલ નીતિશકુમારે માફી માગી

### નીતિશકુમારે આજે તેમના નિવેદન પર માફી માંગતા કહ્યું હતું કે મેં માત્ર મહિલા શિક્ષણની વાત કરી હતી

પટણા, તા.૮

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર જ્યારે વિધાનસભામાં બોલી રહ્યા હતા ત્યારે તેમણે મહિલાઓને લઈને એક વિવાદિત નિવેદન આપ્યું હતું જેના પગલે ભારે હોબાળો થયો હતો. હવે આ વિવાદ વચ્ચે તેમણે પોતાના નિવેદન પર માફી માંગી છે.

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગૃહમાં નિવેદન આપ્યા બાદ ચારેબાજુથી તેનો વિરોધ શરુ થયો હતો અને પટનાથી લઈને દિલ્હી સુધી હોબાળો મચી ગયો હતો. ભાજપે આ નિવેદનની આકરી ટીકા કરી હતી, જો કે તેજસ્વી યાદવે નીતિશ કુમારનો બચાવ કર્યો હતો ત્યારે હવે નીતીશ કુમારે આજે તેમના નિવેદન પર માફી માંગતા કહ્યું હતું કે 'મેં માત્ર મહિલા શિક્ષણની વાત કરી હતી, 'જો મેં કંઈપણ ખોટું કહ્યું હોય તો હું માફી માંગુ છું.

બિહાર વિધાનસભામાં વસ્તી નિયંત્રણ પર નીતિશ કુમાર બોલી રહ્યા હતા તે દરમિયાન તેમણે કહ્યું હતું કે જો છોકરી શિક્ષિત રહેશે તો વસ્તી અંકુશમાં આવશે. તેમણે કહ્યું હતું કે 'જ્યારે છોકરી અને છોકરાના લગ્ન થાય છે ત્યારે પુરુષ દરરોજ રાત્રે કરે છે એમાં વધુ બાળકો પેદા થઈ જાય છે. જો છોકરી ભણે છે તો તેને અંદર ન રાખો.


National Programme for Control of Blindness & Visual Impairment Run dy Government of india

રમાબેન અનિલભાઈ પારેખ પરીવાર – મુંબઈના સહયોગથી

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)

તથા

શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત

સુદર્શન નેત્રાલય – અમરેલી

ના સંયુકત ઉપક્રમે

વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

: તારીખ :
૦૯-૧૧-૨૦૨૩
ગુરૂવાર

: સ્થળ :
લાયન્સ હોલ
પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે, અમરેલી.

: સમય :
બપોરે
૩:૦૦ થી ૫:૦૦

:: વધુ માહિતી માટે ::
નિલેશભાઈ ભીલ
મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬

લા. વિનોદભાઈ આહ્રોજા

:: પ્રોજેકટ ચેરમેન ::
લા. જયેશભાઈ પંડયા
મો. ૯૮૯૮૦૫૨૫૮૧

લા. સાહસ ઉપાધ્યાય

લા. બિમલભાઈ રામદેવપુત્રા – ખજાનચી
લા. કિશોરભાઈ શિરોયા – પ્રમુખ
લા. ઋજુલભાઈ ગોંડલીયા – સેક્રેટરી

નોંધ : બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે

નોંધ : દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)

સુદર્શન નેત્રાલય – અમરેલી

ભગવતી ચોક, માણેકપરા, અમરેલી-૩૬૫૬૦૧, તા.જી. અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૩૧૯૦૧, ૦૨, ૦૩

## ભ્રષ્ટાચારની બલ્લાએ સમગ્ર તંત્રને ચુંગાલમાં લીધું હોય તેવા સમયે

# પોલીસ સ્ટાફ, નાગરિકો અને વિદ્યાર્થીઓએ ભ્રષ્ટાચાર ન કરવા શપથ લીધા

ગીરકાંઠાનાં નાના એવા ગીર ગઢડા ગામનાં પીએસઆઈ જે.આર. ડાંગરે પ્રેરણાદાયી કાર્ય કર્યુ

તમામ નાગરિકોને ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં જોડાવવા આહ્વાન કરવામાં આવ્યું

ભ્રષ્ટાચારની તમામ ઘટનાની જાણ વિભાગનાં અધિકારીઓને કરવાનાં શપથ લેવાયા

નાના એવા ગામમાં શરૂ થયેલ અને આઝાદીનાં લડવૈયાઓનાં આત્માને શાંતિ મળે તેવા કાર્યમાંથી સૌએ પ્રેરણા લેવી જરૂરી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૮

આજે ભ્રષ્ટાચાર નામની બલ્લાએ સમગ્ર દેશભરમાં ભરડો લીધો છે. સરકારી કચેરીઓ, વેપાર–ધંધા, ઉદ્યોગો સહિત વ્યાપકપણે ભ્રષ્ટાચારે કાળો કહેર વર્તાવ્યો છે. જેનાથી દેશની આઝાદી માટે અંગ્રેજોની જોહુકમી સામે વટભેર લડત ચલાવીને દેશને આઝાદી અપાવનાર આઝાદીનાં તમામ લડવૈયાઓનાં આત્માને શાંતિ મળે તેવું ઉમદા કાર્ય આજે ગીર ગઢડા જેવા નાના ગામનાં નિષ્ઠાવાન પીએસઆઈ જે.આર. ડાંગર ધ્વારા થયું છે.

જેમાં ગીર ગઢડા પોલીસ મથકના પોલીસ સબ.ઈન્સ. જે.આર. ડાંગર દ્વારા ગીર ગઢડા પોલીસ સ્ટાફ, વિદ્યાર્થીઓ તેમજ નાગરિકોને પ્રતિજ્ઞા

અનુસંધાન પાના ૬ ઉપર

### નાયબમુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

## અમરેલીનાં નાના માચીયાળા ગામે વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ ૦૩ સ્માર્ટ બોર્ડનું લોકાર્પણ



અમરેલી, તા. ૮

અમરેલી–વડિયા–કુંકાવાવ વિસ્તારના ધારાસભ્યઅને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે ટેબલેટ વિતરણ સમારોહ યોજાયો હતો. સમાજ સેવા સાથે સંકળાયેલ સંસ્થા અમેરિકન ઈન્ડીયા દ્વારા 'દીપ શાળા' પ્રાજેકટ અન્વયે ધો. ૭ના વિદ્યાર્થીઓને આપવામાં આવેલા ટેબલેટનું નાયબ મુખ્ય દંડકના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતા ૩૫ વિદ્યાર્થીઓને

અનુસંધાન પાના ૬ ઉપર

### પાલિકા ખાતે મળેલ બેઠકમાં થયો નિર્ણય

## બગસરાના શહેરીજનો ધોકો નહી પાળે : સોમવારે બેસતું વર્ષ ઉજવશે

પાલિકા પ્રમુખનાં પ્રતિનિધિ સહિત સૌ કોઈએ કર્યો નિર્ણય

બગસરા, તા. ૮

નગરપાલીકા બગસરાને આંગણે નગરપાલીકા સેવા સદનનુ નવનિર્મિત બિલ્ડીંગના લોકાર્પણ નિમિત્તે પાલિકા પ્રમુખના પ્રતિનિધિ એ.વી.

અનુસંધાન પાના ૬ ઉપર

## બગસરા : મોબાઈલ ચોરીનાં આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો

અમરેલી, તા. ૮

બગસરા તાલુકાના સુડાવડ ગામે રહેતા કરશનભાઈ પુંજાભાઈ પરમાર ગત તા. ૯/૭/ના રોજ પોતાના ગામ સુડાવડથી બગસરા ગામે હીરાના કામે આવેલ હોય. તે દરમિયાન પોતાનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા

અનુસંધાન પાના ૬ ઉપર



## સાવરકુંડલામાં ફાયર બ્રિગેડ ટીમ તૈયાર



દિવાળીના દિવસોમાં આગની ઘટનાઓ બનવાની શકયતા વધુ હોઈ છે, જેમ કે તારીખ ૭/૧૧/૨૩ ના રોજ એક ઘટના સર્વોદય નગર નેસડી રોડ પર બની હતીઉ ત્યારે સાવરકુંડલા નગરપાલિકાના ફાયર બ્રિગેડના જવાનોએ તુરંત એ આગ પર કાબૂ મેળવી મોટી દુઘર્ટના અટકાવી હતીઉ આવી કોઈ દુર્ઘટના ના બને અને સાવરકુંડલા શહેરની જનતાની સેવા માટે આગ સામે બાથ ભીડવા સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, ચેરમેન અશોકભાઈ ચૌહાણ તેમજ સાવરકુંડલા નગરપાલિકાના ફાયર બ્રિગેડ સુપર વાઈઝર મનુભાઈ ખુમાણ તેમજ તેમની ટીમ જયરાજભાઈ ખુમાણ, કૌશિકભાઈ બોરીસાગર, રવિરાજભાઈ જેબલિયા, પ્રદીપભાઈ ખુમાણ, અજીતભાઈ ખુમાણ આગ સામે બાથ ભીડવા તમામ સાધનો સાથે તૈયાર છે.

### મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશન દ્વારા

## અમરેલીમાં લક્ષ્મીનારાયણ મંદિરથી પરશુરામ ધામ મંદિર સુધી રોશનીનો ઝગમગાટ ઉભો થશે

શહેરીજનોને પાંચ દિવસ યોજાનારા રોશનીત્સવનો લાભ લેવા અનુરોધ થયો

અમરેલી, તા. ૮

મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશન દ્વારા દીપાવલી અને નુતન વર્ષ આગમનને વધાવવા માટે રોશની સપ્તક એટલે કે બારસથી

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)